જ્ઞાન વચન.

આ જગત એક મોટું ધર્મશાસ્ત્ર છે. એને પાનં પાને ઇશ્વરનું જ્ઞાન, તેની દયા તથા તેનો મહિમા લખેલો છે. જ્ઞાન ચક્ષુ ઉઘાડો તો જોઇ શકશો કે કુદરતના પુસ્તકમાં પૂષ્કળ શિક્ષણ મેળવવાના વિષયો છે.

મનુષ્યની વાંસનાનો થાગ નથી. સૂખના પછી સૂખ, ચઢતીના પછી ચઢતી થાય તો પણ સંતોષ રહેતો નથી. આના ઉપરથી સિદ્ધ થાય છે કે મનુષ્ય અનન્ત ઇશ્વરને મેળવવા માટે ઉત્પન્ન થયેલુ છે. નહિતો બીજા જનાવરોની પેઠે તે પૃથ્વિના પદાર્થ લઈનેજ સન્તુષ્ટ કેમ કરી શકતું નથી?

માણસ માણસનો જેટલો ભય કરે છે, તેટલો જો ઇશ્વરનો ભય કરત તો પૃથ્વિમાં પાપનો બોજો ઘણો ઓછો થઈ જાત.

આપણે ઘણી વેળાએ મુખથી ઇશ્વરનું અસ્તિત્વ માનીએછીએ. પરન્તુ તે ખરેખરો વિશ્વાસ હોતો નથી. ઇશ્વરના "સર્વવ્યાપીપણામાં" તથા "સર્વદર્શીપણામાં" જો આપણો પૂરેપૂરો વિશ્વાસ હોત તો શું કદી આપણે વિચારમાં પણ પાપનું પોષણ કરી શકત?

જેમ, પૈસા કમાયાથીજ ધનવાન થવાતું નથી, સંચય કરવો જોઇએ; ખાવાથીજ બળવાન થવાતુ નથી, પચાવવાની જરૂર છે; વાંચ્યાથીજ વિદ્વાન થઇ શકાતું નથી, શીખવું જોઇએ અને યાદ રાખવું જોઇએ; કેવલ જાણ્યાથીજ કૃતકાર્ય થવાતું નથી, કાલની વેલાયે તેનો ઉપયોગ કરવો જોઈએ; તેમ ધર્મ સંબંધી જ્ઞાનની વાતો સાંભળ્યાથી ધાર્મિક થઇ શકાતું નથી; કહ્યા પ્રમાણે કામ કરવું જોઇએ.

જેમ સૂર્યમુખી ફૂલ કેવળ સૂર્યની તરફ મુખ રાખે છે તેમ પરમેશ્વર ઉપર પ્રેમ રાખનારાઓનાં હૃદય પુષ્પ તે પ્રેમ સૂર્ય પરમેશ્વરની તરફ ખીલી રહે છે.

એક નાના વાળથી વખતે વખત જેમ ગતિ-શીલ સંચાની ગતિ રોકાય છે, તેમ હૃદયમાં સામાન્ય પાપ પોષણ કર્યાથી તે પણ આપણા આત્માની અને મનની ઉન્નતિનો માર્ગ એકદમ બંધ કરે છે.

ખલાસીઓ સમુદ્ર ઉપર મુસાફરી જવાની વેળાએ હોકાયંત્ર સાથે લઇ જાય છે, નહિતો જ્યાં જવાની ઈચ્છા હોય ત્યાં તેઓને જવું ઘણું કઠણ પડે છે, જો કે વખતો વખત ઉલટો વાયુ આવવાથી તેઓ ખરા રસ્તાથી ઘણે છેટે ઘસડાઇ જાય છે, તથાપિ તેઓ ભયભીત થતા નથી. કારણ હોકાયંત્ર-થી તેઓ ધારેલી જગાએ જશે એવી તેઓને સંપૂર્ણ આશા હોય છે; તેમ જેઓ ઈશ્વરને જીવનનો નેતા કરીને આ સંસાર સાગરમાંથી જાય છે, તેઓ એના પ્રબલ તોફાનથી ભયભીત થતા નથી.

જેમ આગ બલુનને ફુલાવે છે અને ઉપર લઇ જાયછે તેમ ખરી પ્રાર્થના મનુષ્યને આ પ્રલોભનપૂર્ણ સંસારમાંથી ઉપર લઇ જાય છે.

પાણીમાં રહેનારા જંતુઓ જમીન ઉપર જઈને મનુષ્ય અથવા બીજા કોઇ પ્રાણીનો માર ખાધાથી જેમ પાણી વિના બીજે કોઇ ઠેકાણે આશ્રય લેતા નથી તથા લે તો તેને ભયવગરનો ધારતા નથી, તેમ ઇશ્વર પરાયણ માણુસો પણ પૃથ્વિમાં આવીને એની લાલચમાં ફસ્યાથી, અથવા દુર્બલ માણસો તરફથી પીડાયાથી, ઈશ્વરાશ્રમ શિવાય બીજા કોઇનો આશ્રય લેતા નથી અને લેછે તો તેને વિપતથી બચવાનું નિશ્ચિત સ્થાન ધારતા નથી.

અગ્નિ સાથે હવાનો વિશેષ સંબંધ છે. કોઇ જગાએ અગ્નિ લાગ્યાથી તે ઠેકાણે ઘણા જોરથી પવન ફુંકયાથી તે વધારે પ્રજ્વલિત થાય છે. તે પ્રમાણે મનુષ્યના અન્તરમાં જ્યારે ધર્મનો અગ્નિ સળગે છે ત્યારે ઇશ્વરનો કૃપા પવન વાયાથી તેનો ધર્માગ્નિ વધારે સળગી ઉઠે છે.

જેમ સ્થિર સરોવરમાં પૂર્ણ ચંદ્રનું પૂર્ણ પ્રતિબીંબ દેખાય છે તેમ સાધુના પ્રશાન્ત નિર્મળ હૃદય સરોવરમાં પ્રેમચંદ્રની સુધામય મુર્તીનો પ્રકાશ જોવા-

માં આવે છે. ૧૨

કુદરતનો સુંદર દેખાવ જોઇને જે સર્વાન્તઃકરણમાં કુદરતને ન ચાહે, અને કુદરતની અંદર રહીને જે અચિન્તનીય જ્ઞાનમય પરમેશ્વર કૂદરતને નાના પ્રકારના સુન્દર પોશાકથી સજ્જિત કરે છે તે દેવતાના મંગલમય હાથ તેમાં જોઇ ન શકે તો તેનું હૃદય ઘણુંજ કઠોર છે. તેનું મન સંસારની નીચલી ભૂમિ છોડીને સ્વર્ગની તરફ જવાનું શિક્ષણ મેલવતું નથી.

સંસારના માર્ગ ઉપર ફરતાં ફરતાં જો બળતા હોય તો એકવાર પ્રાણ અનન્ત શાન્તિના મંદિર પરમેશ્વરનો આશ્રય કરો. તેથી તમારી સર્વ જ્વાલા દૂર થશે.

જુવાનીના રિપુઓના જુલમનાં દુઃખથી જો મુક્ત થવાની ઇચ્છા હોય તો પ્રેમમય ઈશ્વરને દૃઢ પ્રેમમાં ઘેરો. વૃદ્ધાવસ્થાનો જીર્ણદેહ અશક્ત હોવા છતાં જો મનને શાન્ત ભાવથી રાખવા ચાહાતા હો તો,

સર્વ શક્તિમાન મંગલ મય પિતાના ઉપર પ્રેમ રાખી બાલકાલથીજ નિર્ભય થતાં શીખો. ૧૫

મરૂ ભૂમિના જેવું આ હૃદય ક્ષેત્ર કેવી રીતે બગીચો બની શકે? અનુતાપથી હૃદયના ખેતરને ઉંડું ખોદો, વૈરાગ્યથી જમીનને સરખી કરો અને અવિશ્વાસનું ઢાંકણુ દૂર નાંખીદ્યો. જ્ઞાન સૂર્યની ગરમી તથા પ્રકાશથી સ્વર્ગના પ્રેત વરસાદથી, પવિત્ર વાયુની લહેરોથી, સદ્‌ભાવનાનાં બીજ પોતાની મેળે ફુટશે. ભક્તિ, પ્રીતિ, દયા, કૃતજ્ઞતા, વિનય, ધૈર્ય વગેરે ભાવનાં ફૂલો પોતાની મેળે ખીલશે. હૃદય સુંદર પૂષ્પ તથા સૂખદાયક ફૂલનો બગીચો પોતાની મેળે બનશે. આ આધ્યાત્મિક ખેતીવાડીનું તત્વ છે. ૧૬

જે ધન નાશ ન પામે, જે મેલવ્યાથી આપણી કમાવાની ઇચ્છા હમેશને માટે પરિપૂર્ણતાને પામે, આપણા પ્રાણુની તમામ આશા તૃપ્ત થાય, જે ધન કમાઇને કયાં રાખવું જોઇએ અથવા કોઇ ચોરશે એવી ખરાબ ચિન્તા તથા ઉદ્વેગનો બોજો આપણને પીડા ન આપે અને સર્વના કરતાં ચઢીયાતું

છતાં અદલ બદલ કરવામાં આખુ જગત તૃણના પ્રમાણે જેનો પરિત્યાગ કરે છે, તેજ પરમ ધન છે. જે જ્ઞાનનો ઉદય થયાથી ભ્રમ, સંશય, ખરાબ વિચારો તથા સર્વ પ્રકારનાં અસત્યો નાશ પામીને અન્તરમાં સત્સાર તથા પૂષ્કળ બળનો સંચાર થાય. જ્ઞાન માણુસને તૃણના જેવો વિનયી કરે છે અને કુદરતનાં બહારનાં ઢાંકણુ ભેદવાની કેલવણી આપીને કુદરતથી કુદરતના દેવતાની તરફ લઇ જાય છે તેજ ખરૂં જ્ઞાન છે.

જેણે પ્રવૃત્તિયોને વશીભૂત કરી છે, જે ચિત્ત વિકારના કારણુથી હજારો લાલચમાં પડયા છતાં પણુ સર્વ પ્રકારે શુદ્ધ હ્રદયના છે, જેની ઈન્દ્રિયો પ્રબલ રૂપથી ઉત્તેજિત હોવા છતાં કહી શકે છે કે "દુષ્ટ રિપુઓ મારાથી દૂર થાઓ" તેજ ખરા વીરના નામને યોગ્ય છે, તેનું વીરપણું દિગ્વિજયી અલેકઝાંડર અથવા બીજા પરાક્રમી હરકયુલિસના વીરપણાનાં કરતાં સેંકડો દરજ્જે શ્રેષ્ઠ છે.

સાગરમાંનાં છુપાયલાં રત્નો મેળવવાની આશા

થી માણસ જીવનની આશા છોડીને તેમાં પ્રવેશ કરે છે. તમે શું ધર્મ રત્ન મેળવવાને પ્રાણ તોડીને આવું કષ્ટ સહન કરી શકોછો?

તમે પોતે ખરાબ ચરિત્રવાળા થવાથી એવું સમજતા ના કે, તેના યોગે તમે કેવળ પોતાનુંજ નુકશાન કરોછો, પરન્તુ તમારા ખરાબ ઉદાહરણથી સેંકડો માણસોનાં જીવનને કલંકિત કરશો. સર્વદા સાવચેત રહો અને પોતાની જુમેદારીનો અનુભવ કરો.

ખરો ચરિત્રવાન માણસ કોને કહે છે? કેટલાક કહે છે કે, વિશુદ્ધ ચરિત્ર થયાથી તેને ચરિત્રવાન માણસ કહેવાય, કેટલાંકો કહે છે કે, જે સર્વદા પ-રોપકારમાં લાગેલો હોય તેજ ચરિત્રવાન છે. પરન્તુ એ શું કેવળ ચરિત્રવાન માણસનાં લક્ષણ છે? જે માણસ ખરૂં સમજીને તે વેળાએ તેનું અનુસરણ કરી શકે છે તેજ ખરો ચરિત્રવાન માણસ છે.

સઘળા કરતાં મોટું દાન શું છે? કોઇ કહેછે કે ધન, કેટલાંક કહેછે કે, વિદ્યા; પરન્તુ એ સર્વે અલ્પ દાન છે, કારણ કે એ સર્વ દાનથી માણસ આ લોકમાં યશ તથા પરલોકમાં બદલો મેળવવાની ઇચ્છા રાખે છે. સ્વાર્થે શૂન્ય થઇને પરમેશ્વરને માટે પ્રાણ આપવો એ સર્વ કરતાં શ્રેષ્ઠ દાન છે.

ખરો વિનયી કોને કહેવામાં આવે? ખરી નમ્રતા તથા વિનય સંસારની સામગ્રી નથી. સંસારના વિનય તથા નમ્રતામાં છુપી રીતે અહંકાર વસે છે. પ્રેમે જેના હૃદયને સરસ કર્યું છે તેજ ખરો વિનયી તથા નમ્રતાના ભૂષણથી ભૂષિત છે.

પાપ સૂખમાં પણ મનમાં ક્લેશ આપે છે; પુણ્ય, કષ્ટની વેળાએ પણ મનમાં શાન્તિ આપે છે.

આ વિચિત્ર સુકૌશલ્યવાળા જગતની અંદર પરમેશ્વર બિરાજે છે. જેઓને વિશ્વાસ થોડો છે, અને નજર ઘણીજ તિક્ષણ નથી, તેઓ કેવળ ચોતરફની વસ્તુઓજ જુએ છે પરન્તુ પરમેશ્વરના

ઉપર જેનો વિશ્વાસ છે અને જેની દૃષ્ટિ ઘણીજ તિક્ષણ છે, તેજ પૂર્ણભાવથી સઘળી વસ્તુમાં તે વિશ્વ રચનારની અનુપમ સુન્દર મૂર્તિ જુએ છે.

પૂર્ણ ચંદ્ર ખીલેલાં પુષ્પો તથા પક્ષીઓના મધુર સ્વરો પ્રાણને મોહિત કરે છે પરન્તુ સાધુના હૃદયમાં તેઓ અમૃત રેડે છે. આ સર્વ દર્શનથી તેના હૃદયમાં ભાવના તરંગો ઉડે છે. સખત હૃદયના માણસો આ સર્વની ખરી સુન્દરતાનો અનુભવ કરવામાં સંપૂર્ણ રીતે અશક્ત હોય છે.

અસ્વચ્છ દુર્ગંધવાળા વાસણમાં સારી વસ્તુઓ જેમ ખરાબ થઈ જાય છે, તેમ અપવિત્ર મનમાં-ધર્મના સુંદર ભાવો પણ ખરાબ ભાવ ધારણ કરેછે.

જેમ દારૂથી ભરેલી તોપના મુખમાં અગ્નિ લગાડતાંજ તેનો અવાજ થાય છે, તેમ મનુષ્યનું મન જ્યારે ધર્મના દારૂથી પૂર્ણ હોય છે, ત્યારે તેમાં અવિશ્વાસનો એક તણખો લાગતાંજ જોરથી તેમાંથી શબ્દ નીકળીને ધર્મનું તેજ પ્રકાશિત થાય છે.

શરીરમાં રોગ થયો હોય તે જેમ બહારનાં લક્ષણ જોવાથી સમજાય છે, તેમ અન્તરમાં છુપું પાપ હોય તે બહારનાં કાર્યોથી પ્રકાશિત થાય છે.

શરીરનો નાશ કરતાં આત્માની અધોગતિજ સાધુઓની આગળ વધારે ક્લેશ કારક જણાય છે.

પક્ષીને રાજ મંદિરમાં સોનાના પીંજરામાં પૂરી રાખ્યાથી તે જેમ કોઈ રીતે સંતુષ્ટ રહેતું નથી, તેમ પૃથ્વિના અતુલ્ય ઐશ્વર્યમાં હોવા છતાં પણ આપણો આત્મા કોઇ રીતે ગત થતો નથી. ઈશ્વરનું ઘરજ તેનું ખરેખરૂ સ્થાન છે.

વિદ્યા શીખવી હોય તો ધ્યાન લગાડીને અભ્યાસ કરવો જોઇએ; પૈસા કમાવા હોય તો પરિશ્રમ કરવાની જરૂર છે; ત્યારે ધર્મ ઉપાર્જ્જન શું પ્રયત્ન તથા પરિશ્રમ શિવાય કરી શકાય છે?

વિશ્વાસ અને ભકિત આ બે આત્માને માટે વિશેષ છે; એનાથી પૃથ્વિના પાપના મલિનપણાથી

આત્મા વિરક્ત થાય છે અને પરમેશ્વરના નિર્મળ સુધામય સહવાસમાં આવીને વિમળ આનંદ તથા સૂખ ભોગવે છે.

નિન્દા તથા પ્રશંસા આ બે મનુષ્યને ઘણાં નુકશાન કરનારાં છે; પરંતુ ઇશ્વર ઉપર વિશ્વાસ રાખનારને આ બે સરખાં છે.

ઘોર અંધારી રાતે તારાઓનો પ્રકાશ ઘણોજ ઉજ્વલ દેખાય છે. પતંગીઆ કીડાની જ્યોતિ અંધારી રાતમાં ઘણોજ ઉત્કૃષ્ટ દેખાવ ધારણ કરે છે. ચંદનના ઝાડને જેટલા કુહાડાના ઘા મારવામાં આવે તેટલો તે વધારે સુગંધ ફેલાવે છે. તે પ્રમાણે ઇશ્વર વિશ્વાસીઓ વિપદના ઘોર અંધકારમાં પડયાથી તેઓના અંતરનું તેજ વધારે વર્ધિત થાય છે. શત્રુઓથી પીડાયાથી તેઓના અંતરના સ્વર્ગીય ભાવો દીપીને ચારે બાજુએ પ્રકાશ આપેછે.

જેમ તુફાનની વેળાએ ખારવાની શક્તિ જણાય છે તેમ વિપદ તથા લાલચની વેળાએ વિશ્વાસુના

વિશ્વાસની પરીક્ષા થાય છે.

સર્વ ચઢતી મેળવવાનું મૂળ ચિત્ત સંયમ છે. જો ચિત્ત ચારે બાજુએ દોડતું હોય તો કોઇ વિષય મેળવવાનો ઉપાય નથી. સારથી જેમ લગામથી ઘોડાને પોતાની મરજી પ્રમાણે દોરવે છે તેમ મનને સર્વદા સારે માર્ગે ચલાવવું જોઇએ. જે મનને પોતાને તાબે રાખી શકે છે તેજ ખરો તથા તેજ જ્ઞાન મેળવવાને ખરેખરો અધિકારી થાય છે.

હાદુએ [એક ધર્મ ફેલાવનારે] કહ્યું છે કે, વૃથા વિચાર કરવાનું છોડી દો, કારણ કે, તે જીવનને ચુસી લેછે." વૃથા વિચાર કરવો એ કોને કહેવાય? જે વિચારથી આત્મા તથા મનની નુકશાની થાય અને ઇશ્વરથી જીવનને દૂર રાખવામાં આવે તેને.

સંદેહ કરનારાઓ હજારો પ્રશ્નો કાઢે છે, પરંતુ કોઇ પણ સંપૂર્ણ રીતે મીમાંસા કરી શકતા નથી. તેઓ તમને પુષ્કળ વિષયમાં સંશય કરતાં શીખવાડશે, પરન્તુ કેવી રીતે વિશ્વાસ કરવો જોઇએ

તે કહેશે નહિ. તેઓ બધી વસ્તુઓ પર અવિશ્વાસ કરવાને કહેશે, પરંતુ કોઇ વસ્તુપર વિશ્વાસ કરવાને કહેશે નહિ.

ખરાબ ચરિત્રના માણસને ઝેરી સાપના કરતાં પણ વધારે ભયાનક સમજવો, કારણ કે સાપના કરડયાથી જીવનનો નાશ થાય છે; અસત્ માણસની ખરાબ સલાહથી અમુલ્ય આત્માનો નાશ થાય છે.

પુષ્કળ માણસો કહે છે કે, "રિપુઓને દમન કરવા એ ઘણુંજ ભારે કામ છે." પરન્તુ ઇશ્વર ઉપર વિશ્વાસ રાખનાર એને અતિ સહેલું સમજે છે. તે રિપુઓને ભય કરતો નથી પરંતુ તે રિપુઓ તેના ભયથી ભયભીત થાય છે.

પ્રાનાર્થજ સર્વ ઉન્નતિનું મૂળ છે. પ્રાર્થનાથીજ સ્વર્ગનો દરવાજો ઉઘાડાય છે. જેઓ જીવનની ખરી ચઢતીની ઇચ્છા રાખતા હોય, તેણે પ્રાર્થનાને જીવનનું એકનું એક ધન જાણવું જોઇએ.

જ્યારે જોરથી પવન ફુંકે છે, ઘોર અંધકારથી દશ દિશા ઘેરાઈ જાય છે, વખતો વખત વીજલીના પ્રકાશથી પ્રાણમાં વધારે ભયનો સંચાર થાય છે, તે વેળાએ બાલક જેવીરીતે રમતને છોડીને માતાનો આશ્રય લે છે અને આંખ બંધ કરીને માતાના ખોળામાં છુપાઇ રહે છે, તેમ હે માનવી જ્યારે પૃથ્વિના તુફાનમાં પડો, જ્યારે ચારે બાજુએ વિપદ તથા જુલમી લાલચોથી ઘેરાઓ, ત્યારે બાલકની પેઠે તે પરમ કરૂણામય પરમેશ્વરનો આશ્રય લો. તે દયાનો સાગર છે; ગરીબ છોકરાંને આશ્રય આપવામાં તે સર્વદા આતુર છે. જે બાલકની પેઠે આત્મ સમર્પણ કરી શકે છે તેને કરૂણામય પરમેશ્વર ખોળામાં જગા આપે છે.

ગગનમંડલમાં ગ્રહો જેમ સૂર્યના પ્રકાશથી પ્રકાશિત થાય છે, તેમ પરમેશ્વરનું ભક્ત મંડળ પણ તેની જ્યોતિમય મૂર્તિની આગળ રહીને ધર્મ અને પવિત્રતાની જ્યોતિથી રાત દિવસ પ્રકાશિત થઈ રહે છે.

અસાર વાતોથી હૃદય હલકુ થઇ જાય છે ને ઉંચા ઉંડા ધર્મભાવો ગ્રહણ કરવાની શક્તી ઓછી થઇ જાયછે. ધર્મ ભાવનાથી હૃદયને પૂર્ણ રાખી અસાર વાક્યોથી સર્વદા દૂર રહેવાનો યત્ન કરવો જોઇએ.

ઘણું કરીને બધા સંપ્રદાયના તથા તમામ દેશના જ્ઞાનીઓ તથા ધર્મ પરાયણ માણસો ક્ષમાને ધર્મનું એક મોટું અંગ તથા ધાર્મિકનું સર્વથી મોટું ભૂષણ ગણી ગયા છે. **અલી** નામ એક મુસલમાન સાધકે કહ્યું છે કે "પરાજિતોને ક્ષમા કરવી એ જય મેળવવાનો એક મોટો ઉપાય છે." મેથરવી નામના એક મૂસલમાન સાધકે કહ્યું છે કે. "જેમ જોરથી પથ્થર મારવાથી તે મારનારની તરફ આવે છે, તેમ આપણે પણ પીડાયાથી તે અપકાર કરનારની જોડે મિત્રતા કરવી જોઈએ."

જેમ જમીનને ન ખેડવાથી જંગલી ઝાડના છોડથી તે ભરપૂર થઇ જાય છે, તેમ મનુષ્યનું મન ખરેખરૂં ન ખેડવાથી અજ્ઞાનના કાંટાથી ભરપૂર થાય છે એ

ટલા માટે જ્ઞાનથી ખરી રીતે મનિને ઉત્તમ સ્થતિ-માં લાવવું, અને ત્યાર પછી સુનિર્મલ ધર્મનાં બી-જો ત્યાં વાવવાં.

જેમ ઝાડ નીચેથી રસ લઇને તથા ઉપરથી સૂર્યની ગરમી લઇને જીવતું રહેછે, તેમ ધર્મ જીવનની ઉન્ન-તિને માટે હૃદયના સ્વાભાવિક ધર્મભાવની તથા સા-ધુ મહાત્માઓની મદદ લેવી જોઈએ.

જ્યારે પ્રબલ વેગથી પાણીનું પૂર આવીને નદી કિનારા ઉપરનાં ગામો અને નગરોને ડુબાવીને તેમાંના વસ્તુઓને ખેંચી લઇ જવાની શરૂવાત કરે છે ત્યારે શહેરના રહેવાશીઓ મજબુત બાંધ બાંધીને રેલની ગ-તિ રોકીને પોતાની રક્ષા કરે છે, તેમ જ્યારે પાપ ની લાલચો પ્રબલ વેગથી આવીને તમારા આત્મા-ને પાપી કરી તમને નરકમાં લઈ જવાનો આરંભ કરે ત્યારે શું તમારે વિપત્તિમાં પડેલા શહેરના રહેવાસી-ઓની પેઠે પવિત્રતાનો બાંધ બાંધીને પોતાના આ-ત્માની રક્ષા કરવા યત્ન કરવો ન જોઇએ?

ખરાબ વિચારો આપણા મોટા દુશ્મન છે, એનાથી મોટી નુકશાની થાય છે. આપણા હૃદયમાં ખરાબ વિચાર પહેલાંથી પ્રવેશ કરે છે, ત્યાર પછી ખરાબ વાત અને આખરે તે ખરાબ કામ કરવામાં પ્રવૃત્ત થવાય છે. ખરાબ વિચારો અન્તરમાંથી એકીવારે નહિ હાંકી કાઢયાથી ભયાનક પાપથી શરીર મન કલંકિત થશે. એનાથી દુર રહેવાનો પ્રાર્થના એજ માત્ર ઉપાય છે.

શત્રુના જેવો બીજો કોઈ મિત્ર નથી. શત્રુ આપણા ખરા દોષ દેખાડે છે. આપણી ફરજ બજાવવામાં કંઇ પણ ઓછાપણુ જોયાથી તે વેળાયે આપણા ઉપર ચઢી આવે છે. સો મિત્ર કરતાં એક શત્રુ હોવો ઉત્તમછે. કબીર એક દિવસ બેસીને રોતો હતો, તે જોઇને એક માણસે તેનું કારણ પૂછયાથી તેણે કહ્યું કે, “ મારા નિંદકનું મૃત્યુ થયું છે; તે દરરોજ મારા જીવનનો મેલ ધોતો હતો, હવે તે કોણ કરશે? તેથી હું બેશીને રોઉ છું. ”

જેઓ સંસારની અનિત્ય વસ્તુના ઉપર આસક્ત હોયછે, તેઓ મૂર્ખ છે; ખરા જ્ઞાની માણસો નિત્ય વસ્તુની શોધમાં લાગેલા હોય છે,

---

ઘણા દુર્ગંધમય સ્થાનમાં વધારે વાર રહી શકો છો? નહિ. ઉલટું તે જગાપરથી નાસવાને માટે ઘણી ઇચ્છા ઉત્પન્ન થાય, પરંતુ જરાવાર તે જગાપર રહેવાથી જોશો કે દુર્ગંધ થોડી ઓછી જણાશે, પછી જરા વધારે વાર રહેશો તો જોશો કે દુર્ગન્ધ જણાશે નહિ; તેમ આત્માની સ્વાભાવિક અવસ્થામાં પાપ જોવાથીજ પ્રબલ ધિક્કારનો ઉદય થાય છે પણ તેનો ત્યાગ નહિ કરોતો જોશો કે તેના ઉપર ધિક્કાર ઓછો થતો આવ્યો છે. વળી થોડા વખત પછી જોશો તો ધિક્કાર જરા પણ જણાશે નહિ; ઉલટું પાપના ઊપર પ્રેમ ઊત્પન્ન થશે.

અન્તરમાં પાપનું પોષણ કરવું અને ઘરમાં ઝેરી સાપને રાખવો એ બે એક સમાન છે.

જે માણસ જાણતો રહેછે તેને રાત લાંબી જ જણાય છે; થાકેલા માણસને થોડો રસ્તો ઘણો દૂર જણાય છે; અજ્ઞાનીને જીવન લાંબુ તથા બોજા સરખું જણાયં છે.

મૂર્ખો કહેછે કે, " આ વસ્તુ મારી છે, પેલી વસ્તુ મારી છે, આ ધન અને સ્ત્રી પુત્રાદિ મારાં છે. " પરંતુ તે જાણતો નથી કે તે પોતે પોતાનો નથી.

જગતમાં વીર પુરૂષ કોણ છે? તે માણસજ ખરો વીર છે કે, જે માનવ હૃદયના શત્રુ ષડ રિપુને સારી રીતે જીતે છે, અને પોતાના હૃદયના ઉપર અધિપતિપણું સ્થાપવામાં સમર્થ થાયછે. હૃદયના બળની તુલ્યનામાં શરીરનું બળ ઘણું ઓછું છે; જો વીર થવા ઈચ્છતા હો તો તે બળ મેળવો.

પાપ કોણ કરે છે? જે પરમેશ્વરથી મનુષ્યને છેટે

રાખે છે તેજ પાપ કરે છે.

પુણ્ય શું છે? જે દ્વારા પરમેશ્વર નજદીક જોવામાં આવે તેજ પુણ્ય છે.

કામ કરીને કોઇ પાપાનુષ્ઠાન ન કર્યાથી ઘણાકો ધારે છે કે, "અમે પાપથી છુટા છીએ" પરન્તુ વાસ્તવિક શું તેમજ છે? નહિ. કામ કરીને પાપ કરે અથવા ન કરે પણ તેના હૃદયમાં પાપના વિચારો પ્રવેશ ન કરે તેજ પાપથી છુટાછે.

પક્ષી સુસ્વરથી ગાતાં ગાતાં ઉડી ગયા છતાં જેમ તેનો સુમિષ્ટ સ્વર કોઈ વીસરતું નથી; તેમ ધાર્મિક મનુષ્યોના મૃત્યુ પછી તેઓના મધુર ઉપદેશો મનુષ્યના પ્રાણને અધિકારી કરે છે.

ઇશ્વરનો ઉજવળ પ્રકાશ ક્યાં છે? સર્વ જગાએ તે રહેલો છે ખરો, પણ મનુષ્યના આત્મામાં તેની ઉજવળતા સત્વર વિશેષ રૂપથી પ્રકાશ થાય છે. અ-

ન્તરતર તથા અન્તરતમ જેને જોવું હોય તેણે પોતાના અન્તરમાં પ્રવેશ કરવો જોઈએ.

પ્રેમ કરવાનું લક્ષણ શું? જે જેના ઉપર પ્રેમ કરે છે તે તેને માટે સ્વાર્થ ત્યાગ કરે છે. એટલુંજ નહિ પણ તેને માટે તે પોતાનું જીવનપર્યંત આપવામાં આઘુપાછુ જોતો નથી. પ્રેમ કરવાનાં બીજાં લક્ષણો આ છે; જેને પ્રેમ કરવામાં આવે છે તેના સુખમાં સુખ માનવું અને તેના આનન્દમાં આનન્દ અનુભવ કરવો એ પ્રેમ કરવાનાં ખરાં લક્ષણો છે. ખરા ઇશ્વર ઉપર પ્રેમ રાખનારાં માણુસો આ ભાવથી ઈશ્વર ઉપર પ્રેમ કરે છે.

મૂર્ખ કોણ છે? ઘણાકો કહે છે કે, કેળવણી વગરના માણુસજ મૂર્ખ છે. " આ કહેવું ખરૂ છે; પણ જે માણુસ જ્ઞાન શીખી અને સત્ય જાણી લઇને તેનો કાળમાં ઉપયોગ કરી શકતો નથી તેજ માણુસ ખરેખરો મૂર્ખ છે.

જ્યાં સુધી પરમેશ્વર ઉપર ખરેખરો વિશ્વાસ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી પાપ તથા લાલચનું બળ મનુષ્યની આગલ ઘણું પ્રબલ રહેછે. વિશ્વાસની ગાઢતા જેટલી વધારે હોયછે તેટલું પાપનું પરાક્રમ તેની આગલ નિસ્તેજ થઈ જાય છે.

પરમેશ્વરનું કામ કરો, બદલો મેળવવાનો વિચાર કરશો ના. ઈશ્વર ફળદાતા છે, તે વખતસર ફળ આપશે. તમે ખેડુતની પેઠે સારા કામનું બીજ વાવો, વખતસર ઇશ્વરનું કૃપાજલ પડીને તમારા કાર્યનાં ફળ મળશે.

જુવાનોની ચઢતીના માર્ગમાં એક મોટો શત્રુ ચંચલતા છે. અસ્થિરમતિ જુવાનો ઘણું કરીને કોઇ કામ ખંત રાખીને વધારે દિવસ સુધી કરી શકતા નથી. જેઓ ખરા કામનું ફળ જોવાની ઇચ્છા રાખે છે, તેઓએ કોઇ કામ કરતી વેળાએ ધીરજ તથા દૃઢતા અવલંબન કરવી જોઇએ.

સર્વદા વ્યાકૂલ અન્તરમાં પવિત્રતા મેળવવાને માટે પરમેશ્વરની આગળ પ્રાર્થના કરો, કારણ કે હૃદયમાં પવિત્રતાની અગ્નિ નહિ સળગાવ્યાથી આ: સંસાર અરણ્યના મારી ખાનારા જંતુઓ તમને ઘેરીને તમારો પ્રાણ વિનાશ કરશે.

ચંચલપણું છોડો; ચિત્તને સંયમ તથા હૃદને નિર્મલ કરો; તેથી ધર્મની અમૃતમય જ્યોતિ અન્તરમાં પ્રતિબિંબિત થશે.

કોઈ કહેછે કે પોતાનું સુખ મેળવવાનો યત્ન કરો, વળી કેટલાકો કહે છે કે પર સૂખથી સૂખી થાવ; આ બે ઊલટા વિચારોનું ઐકય કયાં થાય? હે દેવ! હું પોતાને પણ જાણતો નથી, પારકાને પણ જાણતો નથી; તમે મને ઉત્પન્ન કર્યો છે તેથી હું તમારોછું. હું આટલુંજ જાણું છું, આ જણાયાથીજ જોવામાં આવે છે કે, પોતે તથા પારકો એક થયો છે, કેમ કે, આત્મા પણ પારકો છે. બેજ વાના તમારાં છે, પોતાની સેવા તથા પારકાની સેવા; આ

એજ તમારી સેવા છે. તમારા સૂખથીજ મારૂં સૂખ છે. પોતાનું સૂખ તથા પારકુ સૂખ એ બેથીજ તમારૂ સૂખ છે, ને તેથી મારૂ પણ સૂખ છે. તમે અન્તરથી આજ્ઞા આપાછો; હું તેજ પાલન કરૂં છું.

લોકો કહે છે કે બીજાના ઉપર ભાઇ તરીકે પ્રેમ કરો. મારૂ મન તેનાથી સંતુષ્ટ થતું નથી. ભાઇ ભાઈમાં જૂદાપણું છે, કેવલ તમારામાં જૂદા પણું નથી. જો સર્વ એક થઇ શકીએ તો જૂદા પણાની સંભાવના નથી, બધા એક કેવી રીતે થાય? આ થવું ઘણુંજ કઠણ છે, પરન્તુ સાધનને કંઇ ભારે નથી દુનિયાની આટલી જૂદીજૂદી શકિત મનુષ્યના જ્ઞાનથો એક કરી નાંખી છે, તો શું આ આધ્યાત્મિક શકિતઓને એક કરવામાં ઇશ્વરનું વિજ્ઞાન અસમર્થ થશે? વિશ્વાસ થતો નથી. એક પ્રાણુથી સર્વ મગ્ન થવા જોઇએ, એકજ લક્ષ, એકજ આશા, એકજ નેતા, એકજ બળ, એકજધન, એકજ સહાય, એકજ સાધન, એકજ ભજન, સર્વનાં થાવ.

બધા એક થઇ જશે. એનેજ આધ્યાત્મિક ઉપાસક મંડલ આધ્યાત્મિક ઐક્ય કહે છે. જગત્પ્રાણ! ક્યારે અમે સર્વે તમારામાં ડુબીને એક થઇ જઇશું? સર્વને જ્યાં દુઃખ છે, ત્યાં મને પણ વ્યથા છે, મને જ્યાં સૂખ છે, ત્યાં સર્વને સૂખ થશે; દયામય! ક્યારે અમે " મારે " કહીને એક બીજાને પ્રેમ કરીશું? હું આવા મંડળની ઇચ્છા રાખુંછું, તમે એવું મંડલ બનાવી આપો.

શરીરનું સૌન્દર્ય, કુદરતના હાથથી લખેલા સુખ્યાતનાં પાનાં છે, પરન્તુ દુર્ભાગ્યથી ધારણ કરનારની તરફથી ઘણુંકરીને ખરાબ નામનામાં આણવામાં આવે છે.

ગુલામગીરીના કરતાં હલકું પૃથ્વીમાં બીજું કંઇ નથી, પરન્તુ આ ગુલામગીરીના કરતાં સન્માનનું કામ પણ જગતમાં દુર્લભ છે. મળમુત્ર લઇ જનારને રોજગાર હલકો કહેવાય છે, પરન્તુ તે કામ કરીને માતા તથા રોગીનો મિત્ર જગત્માં

સર્વ કરતાં વધારે સન્માનને પાત્ર થાય છે. એક કામમાં જૂદાં જૂદાં ફલ છે; એકજ કામનો બદલો સ્વર્ગ નર્કમાં જૂદાપણાના જેવો કેમ થયો એનું કારણ બહારથી શોધ કરીને મેળવી શકતા નથી. અન્તરમાં પ્રવેશ કરી જુઓ, હૃદયની અવસ્થામાં ખરેખર સ્વર્ગના જેટલું જૂદાપણું છે ખરૂં.

ખરાબ વિચારો પાપનું બીજ છે, પહેલાં ખરાબ કામ તેનાથી અંકુરિત થાય; અભ્યાસ તે બીજનું ઝાડછે પાપ જ્યાંસુધી બીજ તથા અંદરની અવસ્થામાં રહે છે, ત્યાં સુધી બાલક તે ઉખેડી નાખી શકે છે, પરન્તુ એકવાર મોટા વૃક્ષનો આકાર ધારણ કર્યા પછી દૈવ બલરૂપ પ્રબલ હવાના શિવાય બીજી કોઇ પણ રીતે એને સહેલથી ઉખેડી શકાતું નથી. મનુષ્યનું બલ એની આગલ એક સામાન્ય કુહાડી માત્ર છે. પરન્તુ ભારે તુફાન આવ્યાથી કુહાડી મુકી દેવી એ આલસનું તથા મૂર્ખતાનું કામ છે.

છાતીમાં કટારી ખોસવી તેના કરતાં વિશ્વાસીને "ઇશ્વર નથી" એવું કહેવું વધારે દુઃખદાયક થાય છે.

જાણ્યા છતાં પણ પતંગો આગમાં પડીને પ્રાણ ત્યાગ કરે છે, મૂર્ખ મનુષ્યો જાણ્યા છતાં પણ તેમ પાપનું ઝેર પીએ છે.

પરમેશ્વરનું ગુણ કીર્તન કરવું અને તેના આધીન થઇને રહેવું એજ મારૂ સ્વર્ગ છે. હું આવા સ્વર્ગની ઇચ્છા રાખુંછું, એજ મારો ધર્મ છે. એજ મારે પરમ સુખ છે.

યુક્તિ દેખાડીને ખરેખરો વૈરાગ્ય શીખવાડવામાં આવી શકતો નથી. પૃથ્વીની અને દુનિયાની વસ્તુની અનિત્યતાનો વિચાર કરતાં જે વૈરાગ્યની ઉત્પત્તિ થાય છે, તે શું કરે? સ્મશાનનો વૈરાગ્ય માત્ર હોય છે. પણ જે ઇશ્વરના પ્રેમરસમાં આત્માને ભીંજાવી શકયો છે અને ઇશ્વર સહવાસથી સૂખની

તુલનામાં જગતનું સૂખ કેટલું નિષ્કૃષ્ટ છે તે સમ-જયોછે, તેજ ખરો વૈરાગી છે. પૃથ્વીના તમામ ખેંચાણને તે તુચ્છ કરી શકે છે.

વ્યાકુલતા સિવાય ધર્મોપાર્જ્જન કરવું અસંભવ છે. **મોઝીસે** એક વેળાએ પ્રાર્થનાવડે ઇશ્વરને પુછયું હતું કે, પ્રભુ! હું કયાંથી તમારૂં નિત્ય દર્શન પામીશ? ” ઇશ્વરે જવાબ આપ્યો કે તું મારે માટે વ્યાકુલ ચિત્તવાળો થયાથી વગર મહેનતે સર્વત્ર મને જોઇશ.

પહેલાં પ્રાર્થના કરો, ત્યારે પ્રાર્થનાની ઉપકારિતા જાણશો. કોઈ વસ્તુ ચાખ્યા પહેલાં તે મીઠી છે કે કડવી છે તે કેવી રીતે સમજશો?

જન મંડલમાં જે કંઇ મહાન તથા હિંમતનુ કામ છે, મિત્રમાં જે કંઇ સુંદરપણુ તથા પ્રેમ છે, સુધરેલા મંડળમાં જે કંઈ સારા નિયમો તથા શિષ્ટાચારો છે, માબાપના ઉપર જે કંઇ ભક્તિ તથા

શ્રદ્ધા છે, અને સાધુજીવનમાં જે કંઈ સ્વાર્થ ત્યાગ તથા પરોપકારપણુ છે, આ સૌ ગુણોનો આધાર સારૂ કુટુંબજ છે, અને સત્પરિવારોમાં એ સર્વ વૃત્તિયોનો વધારે વિકાસ થએલો જણાય છે.

બહારથી ઢંકાયલો પહાડ, ચિત્તને આશ્ચર્ય પમાડે એવો પાણીનો ધોધ, વેગવાન નદી, જાત જાતના રંગવાળાં ફૂલો, ઝલકતા હીરાના જેવા ગ્રહતારાથી મંડિત નભો મંડળ, આ સર્વ દરેક પળે પરમેશ્વરના જ્ઞાનની સાક્ષી આપે છે. પરન્તુ તેનો અપાર સ્નેહ, વચનથી પ્રેમ, સુ નિમલ પવિત્રતા, આ સર્વ સામાન્ય દેખાવ જોવાની ઇચ્છા હોય તો પોતાના જીવનમાં તથા સ્ત્રી પુત્રવાળા કુટુંબમાંજ શોધો.

કોઇ મનુષ્યને ધિકકારવો ન જોઇએ. જે ઘણા જ પાપી હશે તેના હૃદયમાં પણ ઈશ્વરે આપેલા કંઇને કંઇ સારા ભાવો છે. હીરાને જો કંઇ મેલ લાગ્યો હોય ને તેને શાફ કરવાનો યત્ન કરો તો જોશો કે ધીરે ધીરે તેનો ઝળકાટ પ્રકાશિત થશે. ઝાંખોથય

બો સમજીને ફેંકી ઘો તો તમારા જેવો મૂર્ખ બીજો કોણ કહેવાય? ઇશ્વર એક આત્માના ઉદ્ધારને માટે કેટલા ઉપાયો અવલંબન કરે છો તમે કોણ છો કે તેને લાત મારો છો?.

ધર્મનો તથા પવિત્રતાનો અહંકાર કરશો ના; તમે ગમે એટલા મોટા હો પણ ઈશ્વરના અનન્ત ભાગની આગળ તમારી સાથે અત્યન્ત ખરાબ લોકો નો પ્રભેદ ઘણોજ થોડો છે.

ખરાબ માણસના મુખથી પણ જો સદુપદેશ મળે તો તે આદરની સાથે ગ્રહણ કરો. મેલી જગાએ રત્ન પડયું હોય તો શું કોઇ તેનો અનાદર કરે છે?

ખરાબ માર્ગે જનારા માણસોના ઉપર કૃપા દેખાડીને તેનું ભલું કરવાનો યત્ન કરવો. પ્રેમથી તે-ઓને ખેંચવા હજારો લાત મારવાના કરતાં જરા પ્રેમ દેખાડયાથી વધારે કામ થાય છે. પાપીઓને સોનાની ખાણના કરતાં દયા ભરેલાં વાકયો મૂલ્યવાન થઇ પડે છે.

પ્રેમના કરતાં પ્રબળ શક્તિ બીજી એકે નથી. આ શકિત્ત ઇશ્વર વિદ્રોહી મનુષ્યના હૃદયને હરાવે છે. સાંસારિક સૂખ, મિત્રતા, જાતીય ઐકયતા, આ સર્વના મૂળમાં આ શકિત કામ કરે છે.

જેમ ચકમકના પથ્થરમાંથી એક બે તણખા રેતીના દાણા જેટલા નીકળે છે, પરન્તુ જો તે સામાન્ય તણખાને ફેલાવાનો વખત મળેતો હજારો ગામ તથા શહેરો બાળી નાંખેછે, તેમ સત્યની આગ પણ ફેલાવવાનો યત્ન કરે તો પહાડ જેવું અસત્ય પણ બળીને ખાખ થઇ જશે.

જરા જરા બાફ ઉંચે ચઢીને આકાશમાં ફેલાઇને મેઘ ઉત્પન્ન કરેછે; જરા જરા પાણીના ઝરા એકઠા થઇને વેગવતી નદી પ્રવાહિત કરેછે, જરા જરા કુહાડીના ઘા માર્યાથી મોટાં ઝાડો પણ પડી જાય છે. માટે સર્વ સારાં કામ હાથમાં લેઇને તેનું તરત ફળ ન જોવાથી નિરાશ થશોના.

જે પુષ્કળ કામ કરી શકેછે તેને પૃથ્વિના શાસ્ત્રમાં મહેનતુ કહેછે. જે થોડાં કામ કરવામાં સમર્થ થાય છે તે આળસુ છે. અધ્યાત્મિક શાસ્ત્રનો વિચાર એનાથી જૂદો છે. ત્યાં સંખ્યા તથા પરિમાણુ ન ગણતાં ગુણ તથા સામર્થ્યથી સર્વનો વિચાર થાય છે. પૂર્ણતા ત્યાંનો આદર્શ છે. જે કાર્ય કરે છે તેના કરતાં સત્કાર્ય તે વખતે કરી શકશે નહિ. જેવું તમે કર્યું છે તેનાથી વધારે સારૂં તમારાથી થવાની સંભાવના હતી કે નહિ, તે આ શાસ્ત્રનો પ્રશ્ન છે. "હા" કે "નહિ" આ ઉત્તરના ઉપર તમે ઈશ્વરના ખરા અનુગત દાસ છો કે નહિ તેની મિમાંસા ઉપર આધાર રાખે છે.

પૃથ્વિમાં ત્રણ પ્રકારના માણસો દીઠામાં આવે છે. એક જાતના સાધુતાના પ્રત્યે અસાધુતાનો વ્યવહાર તથા અસાધુતાના પ્રત્યે સહાયતા કરે છે. બીજી શ્રેણીના સાધુતાને બદલે સાધુનું ને અસાધુતાને બદલે અસાધુનું આચરણ કરેછે. પરન્તુ ત્રીજા પ્રકારના ભાવમાં વર્તણુકનો ફેરફાર જોવામાં આવ-

તો નથી. તેઓ અસાધુ વ્યવહારના વિરૂદ્ધમાં પણ સાધુ ભાવજ પોષણ કરે છે. પહેલી પંકિતના માણસો તમભાવ દેખાડે છે, બીજી પંકિતના પરમ રાજસિક વ્યવહારનું દષ્ટાંત છે, ત્રીજી પંકિતના માણસો સ્વર્ગીય સાત્વિક પ્રીતિનો પૂર્ણ પ્રકાશ છે.

ગુલાબના ફુલના ઝાડ ઉપર કાંટા છે તેથી પુષ્કળ કવિયોએ અસંતોષ દેખાડયો છે. પરંતુ વિચાર કરીને જોયાથી કાંટાવાળા ઝાડમાં પણ ગુલાબ જેવા ફુલને ઉત્પન્ન કર્યું છે તેથી આપણે ઇશ્વરના ઉપર કૃતજ્ઞ થવું જોઇએ.

ભદ્રતા દયાનો એક બીજો પ્રકાર માત્ર છે. અભદ્ર વ્યવહારથી પારકાને અનર્થક કલેશ આપવાનો થાય છે. જેના હૃદયમાં જરા પણ દયાનો ભાવ છે, તે કદી પણ બીજાના મનને અનર્થ કલેશ આપી શકતો નથી.

ઠઠ્ઠા મશ્કરી કરીને કદી પણ કોઇને સન્માર્ગે

આણી શકાતો નથી. ઉલટો તેથી તે ખરાબ માર્ગે પગ મૂકશે. કોઇને સન્માર્ગમાં આણવો હોયતો સહન શીલતા તથા દયાની જરૂર છે.

જો કોઇ ધાતુંના ઊપર દાગ લાગેતો તે જલદીથી સાફ કરી શકાય છે, પરન્તુ તમારા કોઇ કડવા વેણથી જો કોઇના મનમાં ડાગ પડયો તો તે જલદીથી જતો નથી.

બીજાને સાધુતા તથા પ્રેમના માર્ગ ઉપર આણવાનો યત્ન કરો. તેઓના હૃદય પુસ્તકમાં જો તમારૂં જીવનચરિત્ર લખી શકો તો હજારો છાપેલાં જીવનના કરતાં તે ઘણુંજ સારૂં છે.

હાલના સમયનો સારો ઉપયોગ કરો; કારણ આવેલી પળ તમારે આધીન છે; ગયેલી પળ તમારા અધિકારની બહાર થઇ ગઇ છે; ને ભવિષ્યની ઘડી તમને અનુકૂળ થશે કે નહિ તેનું નક્કીનથી.

વીરપણાથી તથા ધીરજથી જીવનની કઠોર પરિક્ષાઓ સહન કરી શકાયતો આત્મા સબળ, પવિત્ર તથા ઉન્નત થાય છે. પૃથ્વિની ધૂળમાંથી ઉંચે ચઢવામાં આત્માનું દૃષ્ટિક્ષેત્ર વિસ્તારિત થાય છે. પરન્તુ જો પરિક્ષાનો પૂર્ણોપકાર મેળવવાની ઇચ્છા હોય તો ભવિષ્યમાં જે આવે છે તેનો વિચાર કરીને હૃદયને થકાવતા ના. જે આવેલું છે તેજ તમારા માટે ઘણું છે.

એક નાના પથ્થરને આંખની સામે પકડ્યાથી એક પર્વત પણ ઢંકાઈ જાયછે. તેમ કદી કદી નાના વિષય મનમાં ઉદય થઇને મોટા વિષયને ઢાંકી નાંખે છે.

શરીરમાં રોગ થાય છે, ત્યારે આપણે ઔષધ ખાઇને તેને તનદુરસ્ત કરવાનો યત્ન કરીએ છીએ, પરન્તુ આત્મા ખરાબ થાય છે તેને માટે તો આપણે ઔષધિની જરૂર જાણતા નથી. શરીરની ૧ સૂખાકારીને લીધે આપણે ખાવા પીવાનું છોડી

દઇએ છીએ, પરન્તુ અધ્યાત્મિક પીડાને માટે આ-
પણે શું કરીએ છીએ.

પ્રબળ વાયુમાં પણ પહાડ જેમ સ્થિર રહેછે,
તેમ જ્ઞાની માણસો નિન્દા તથા પ્રશંસાથી અસ્થિર
થતાં નથી.

ધર્મ કાર્ય પહેલાં ઘણું કઠણ જણાય છે, પરન્તુ
ઇશ્વરનો એવો તો કરૂણાવાળો નિયમ છે કે જે
માણસ કમર બાંધીને ધર્મ સાધનમાં લાગેછે અને
ધર્મ કાર્ય કરેછે, તેને ધર્મસાધન થોડી મુદતમાં સહજ
જણાયછે અને પછી તે થોડી વારમાં સૂખદાયક અને
આનન્દદાયક થઇ જાય છે.

તમે મહત્ કાર્ય કરી શકતા નથી તેથી ખેદ ક-
રશો ના. ઇશ્વરે સઘળાને સરખા ઉત્પન્ન કર્યા નથી.
તમારી જેવી શક્તિ હોય, ને જેવો લાગ મળે, તેને
લાયક વ્યવહાર કરતાં કરતાં આગળ વધો, ઈશ્વર
તમારો પરિત્યાગ કરશે નહિ.

ખરી અને સ્થાયી ઉન્નતિ ઘણી મુદતે અને પૂષ્કળ કષ્ટથી મળે છે.

આપણું ચરિત્ર, આપણા વિચાર, વાક્ય અને કાર્યનું એકઠું ફળ છે. એટલા માટે એ ત્રણને નિયમિત રાખવાં જોઇએ.

ફક્ત વખતના અને થોડીવારના ભાવનો જુસ્સો ઉત્પન્ન થવાથી ચરિત્ર બંધાતું નથી, તેમાં ઇચ્છાનું બળ જોઇએ. આત્મ સૂખ ત્યાગ કરવાની શકિત જોઇએ. તેને ઘણુંજ ખંતીપણું જોઇએ; તેના શિવાય ચરિત્ર ઉત્પન્ન થઈ શકતું નથી.

નમ્રપણુ એ ઘણો મધુર ગુણ છે, પરન્તુ આત્મ સમયથી જો તેને નિયમિત કરવામાં આવે નહિ તો એ એક દોષ ગણાય છે.

જે પોતે ગરીબનું દુઃખ દૂર કરવાનો યત્ન નહિ કરતાં કેવળ ઇશ્વરને તેઓનાં દુઃખ દૂર કરવાને માટે પ્રાર્થના કરેછે તેની પ્રાર્થના ઇશ્વર સાંભળતો નથી.

આવી પ્રાર્થનાથી સ્વાર્થ શિવાય બીજું કંઇ પ્રકાશ થતું નથી.

નિ:સ્વાર્થ ભાવથી બીજાનું ભલુ કરીને આપણે આપણા આત્માનુ ભલુ કરી શકીએ છીએ. બીજાનો ઉપકાર કરીને આપણા આત્માનો પરમોપકાર કરી શકીએછીએ. જે પરોપકારી છે તે આ સત્ય ખુલ્લી રીતે અનુભવ કરી શકે છે.

મંગળ કરવું એજ જીવનો ધર્મ છે.

ઉન્નતિના માર્ગમાં આગળ જવા માટે કોણ મદદગાર થાય છે?

જે ભયને તાબે છે તે ઘણું દુ:ખ ભોગવે છે. ઇશ્વરના રાજ્યમાં ભય કરવા જેવું કાંઇ નથી.

ધાર્મિક માણુસને સ્વર્ગમાં જવું પડતું નથી. સ્વર્ગ તેના હૃદયમાં પોતાની મેળે ઉત્પન્ન થાય છે.

દરેક માણસના અન્તરમાં સ્વર્ગ બિરાજે છે. દરેક મોટાં કામજ સ્વર્ગ છે. તરસ્યા મુસાફરને પાણી આપ્યાથી અન્તરમાં સ્વર્ગનું સૂખ મેળવશો. માબાપ વગરના બાળકને મદદ કર્યાથી અન્તરમાં સ્વર્ગનું સૂખ મેળવી શકશો. રોગીને રોગથી દૂર કરવાનો યત્ન કર્યાથી અન્તરમાં સ્વર્ગનુ સૂખ મળશે. ખરાબ રસ્તે ચાલનારને સૂમાર્ગે દેખાડવાથી અન્તરમાં સ્વર્ગનુ સૂખ ભોગવશો. દુઃખી મનુષ્યનું દુઃખ દૂર કર્યાથી અન્તરમાં સ્વર્ગનુ સૂખ મેળવશો. દુર્બળ માણસને ધર્મના માર્ગે ખેંચવાથી અન્તરમાં સ્વર્ગનું સૂખ મેળવશો.

આત્મ વિસર્જન જીવનનું ખરૂં મહત્વ છે.

પવિત્ર અને મોટા કામનું ઇનામ બહારથી મળતું નથી, તે અન્તરમાં મળે છે.

સર્વદા અમંગળની જોડે તથા અસત્યની જોડે લડાઇ કરો; ત્યાગ સ્વીકારો; દુર્બળને બળ, આંધળાને દૃષ્ટિ, આશા વગરનાને આશા આપો. અજ્ઞાન પ્રકારને

દૂર કરી જ્ઞાનનો પ્રકાશ આપો; આ સર્વ નિઃસ્વાર્થથી કરી સન્તુષ્ટ રહેવું એ મનુષ્ય જીવનનું કર્તવ્ય છે.

દ્વેષને દૂર કરી પ્રેમને ભેટો; કેમકે ઇશ્વરના રાજ્યમાં દ્વેષ કરનારને ઘણું દુઃખ વેઠવું પડેછે.

પૂષ્કળ માણસોના ઉપર સત્તા ભોગવવી એ મોટાઇ નથી. પણ અસંખ્ય માણસોની સેવા કરવી એમાંજ ખરૂં મહત્વ છે.

તેજ ધનવાન છે કે જે ઇશ્વરે આપેલું સામર્થ્ય અને સર્વ વૃતિયો સર્વદા પવિત્ર અને સારી અવસ્થામાં રાખી સરખી રીતે કાર્યમાં મંડેલો રહેછે.

અતિ સામાન્ય વિષયમાં પણ ન્યાયને અનુસરીને કામ કરો; તેથી મોટા વિષયમાં ન્યાયનો માર્ગ પરિત્યાગ કરીને કાર્ય કરવું અસંભવિત થઇ પડશે.

જગતમાંથી અસત્ય અને ખોટા વિચારો દૂર કરવા એ બુદ્ધિમાન્ મનુષ્યનું કર્તવ્ય છે.

જો કોઈ માણસ બીજા માણસને ધિક્કારે અને કહેકે હું ઈશ્વરનો પ્રેમી છું તો તે નિશ્ચય ખોટું બોલે છે.

વખતને અનુસરતું જે કામ મળે તે કરવું; તેમ કર્યાથી પછી શું કરવું જોઇએ તે જાણવાને સમર્થ થશો.

સારી મતલબથીજ સારૂં કરવું; તેમ કરવાથી મંગળ તમારો સાથી થશે.

સોના તથા રૂપાના કરતાં ઘણી મૂલ્યવાન વસ્તુ આ પૃથ્વિમાં છે, પરન્તુ માણસ કેવો મૂર્ખ છે? ખરી મૂલ્યવાન વસ્તુ મેળવવાનો યત્ન કરતો નથી.

જે ઇશ્વર ઉપર વિશ્વાસ રાખે છે તે કદીપણ

નિરાશ થતો નથી.

સર્વ માણસનો જો ઇશ્વર ઉપર પૂર્ણ વિશ્વાસ હોત તો પૃથ્વિમાં કોઈ દુઃખ, શોકથી મુઝાત નહિ.

તમે જ્યાંરે માણંસનાં દુઃખ દૂર કરવા માટે યત્ન કરતા નથી, ત્યારે તમારે ઇશ્વરની આગળ એવી પ્રાર્થના કરવી ન જોઇએ કે, હે ઇશ્વર ! મનુષ્ય જાતિનાં દુઃખ દૂર કરો", કેમકે તમે એવી પ્રાર્થના કરવાને યોગ્ય નથી.

અહિં તમે ઇશ્વરના આશ્રિત છો; પર કાળમાં પણ તેના આશ્રયમાં રહેશો. તો હે માનવ! શા માટે ભયભીત થાઓછો?

જેમાં જેટલું ઐશ્વર્ય છે, તેમાં તેટલું સૌન્દર્ય છે.

પવિત્ર હૃદયજ સર્વથી શ્રેષ્ટ ઉપદેશક છે; ઇશ્વરજ સર્વોત્તમ મિત્ર છે; સમયજ સર્વોત્તમ શિક્ષણ દેનારો છે; અને જગતજ સર્વોત્તમ ગ્રન્થ છે.

વિશાળ જગત્ જેમ ઇશ્વરના અનંતપણાની ઓળખાણ આપે છે, તેમ આ પૃથ્વિની એક બારીક રેતી પણ તેની પૂર્ણતા પ્રકાશ કરેછે.

પ્રેમજ સર્વ વસ્તુનો આદિ અને અન્ત છે.

કોણ જ્ઞાનવાન થઇ શકે છે? જે સર્વ વસ્તુમાંથી અને સર્વ માણસની પાસેથી સત્ય ગ્રહણ કરેછે.

સત્યના ઉપર જેટલો પ્રેમ દૃઢ થશે, તેટલા તમે ઇશ્વરની નજદીક જશો.

સર્વ કરતાં મધુર શું છે? પ્રેમ. સર્વ કરતાં ઇશ્વરાનુ રૂપ શું છે? ધર્મ જીવન. સર્વ કરતાં મહાન્ શું છે? ઇશ્વર સર્વ કરતાં. સુખદાયક શું છે? ઇશ્વર, સ્વરૂપનુ ચિંતન, અને પરોપકાર.

બીજાને કષ્ટ આપવાના કરતાં પોતે કષ્ટ સહન કરવું સારૂં છે, પરન્તુ માણસ તે સમજતો નથી.

ધાર્મિક મનુષ્ય ઇશ્વરની કૃપાનો અધિકારી થાય છે અને તેનાથી ચાલે છે.

પેટ ભરવાને માટે ધન કમાવાનું છે, ધન કમાવા માટે જીવતર નથી. આ સહેલું સત્ય કેટલાં માણસો ભૂલી જાય છે !

પાપીનો ખરો મિત્ર માત્ર ઇશ્વર છે.

જગત્‌ની ઉચ્ચતા અને ગંભીરતા તમારામાં લય પામી છે, હે ઈશ્વર હું જાણુતો નથી કે તમે કોણ છો ! જે તમે છો તે તમે છો.

જે પોતાને દુઃખી સમજે છે તેજ સર્વ કરતાં દુઃખી છે.

તેજ માણસ ભય વગરનો છે કે જે સરળ અને સત્સ્વભાવવાળો છે.

આપણે અનન્ત ઉન્નતિના અધિકારી છીએ

એજ ઇશ્વરનો સુન્દર નિયમ છે.

જે મનુષ્યનું દુનિયાઇ પદ જેટલું મોટું હોય છે. તેટલી તેની સ્વતંત્રતા ઓછી થાય છે.

જે પોતાની વિવેક શક્તિ ખુવે છે તે સર્વ ખુવેછે.

જેમ અંધારૂં જેટલું ગાઢું થાય છે તેટલો પ્રકાશ વધારે ઉજ્વલ રીતે પ્રકાશિત થાય છે, તેમ ઇશ્વરગત પ્રાણસાધુઓ જેટલી વિપત્તિમાં પડે છે. તેટલું તેના ચરિત્રોનું મહાનપણું પ્રકાશિત થાય છે.

સંસાર–મરૂમાં ફરતાં ફરતાં જો પ્રાણ સુકો થાય તો 'રસ સ્વરૂપ તૃપ્તિના કારણ' પ્રાણરામ પરમેશ્વરનો આશ્રય કરો, તેથી જીવન સરસ થશે.

ગમે તે થાવ; સારા દહાડા આવે કે ખરાબ દહાડા આવે; તે નદીના સ્રોતની પેઠે ચાલ્યા જશે.

શરીરના સૌન્દર્યથી હીન હોવા છતાં પણ જો

ચરિત્રવાન હશે તો તમારી એવી એક અપૂ·
શોભા થશે કે જે જોઇને લોકો મુગ્ધ થયા શિવા
રહી શકશે નહિ.

તમે પડોશીનું જે ભલું કરશો તે કોઇને કોઇ
તમારા ભલામાં આવશે ને આવશે.

ખરાબ કામ કર્યાથી પહેલાં સૂખ મળી શકે
પરન્તુ તેનું ફળ ઘણુંજ શોચનીય થાય છે. તે
સારાં કામ પહેલાં કડણ તથા કડવાં જણાય છે
·તુ અન્તે નિશ્ચય સારૂં ફળ આપે છે.

ધનનો નાશ થાયતો તે પરિશ્રમના બળથી
છે, જ્ઞાન નષ્ટ થાયતો શિક્ષણના બળથી તે
મળે છે, તનદુરસ્તીનો નાશ થાય તો ઔષધ
ાથી ફરી મળી શકે છે, પરન્તુ વખત વટી જાય
તે કોઇ રીતે પાછો મળતો નથી.

જો આપણી માનસિક વૃત્તિ તેજસ્વિ હોય તો

આપણે વિચાર કરીએછીએ, જો હૃદયમાં બળ હોય તો સર્વને ચાહીએછીએ, જો શરીરમાં બળ હોય તો મહેનત કરીને દિવસ ગાળીએછીએ; શક્તિની ચાલના નહિ કર્યાથી એ નષ્ટ થઇ જાય છે.

જો કોઈ કહે કે, સર્વ કરતાં ધનવાન કોણ છે? તેનો ઉત્તર એ છે કે, જે પોતાની પાસે જે કંઇ છે તેમાંજ સન્તુષ્ટ છે, તેજ સર્વ કરતાં વધારે ધનવાનછે.

મિત્રના ચરિત્રમાં કોઇ જાતનો દોષ જોવાથી તેનો તે દોષ સુધારવાનો યત્ન કરતાં તેને છોડવો અથવા તેના ઉપર સ્નેહ ઓછો કરવો એ કદાપિ ઊચિત નથી; આપણે જ્યારે પોતે કોઇ દોષ કરીએ છીએ ત્યારે શું પોતાની તરફ નમ્રતા ઓછી થઇ જાય છે ?

લુંટારાના હાથથી બચવું ઘણુંજ મુશ્કેલ ભરેલું કામ છે, લુંટારા જંગલમાં તીક્ષ્ણ બાણ હાથમાં છુપાવીને રહે છે, લાગ મળ્યાથી તે વટેમાર્ગુને મારે છે; તેમ પરમેશ્વર લુંટારાની પેઠે- તીક્ષ્ણ પ્રેમનું બાણ

હાથમા લઇને ફરે છે, વખત જોઈને તે તેનાં ખરાબ છોકરાંને તે પ્રેમ બાણુથી જખમી કરે છે.

ઘણાકો કહે છે કે બુદ્ધિથી માણુસ પાપનું દમન કરી શકે છે; એ કહેવું તદ્દન ખોટું છે; પરમેશ્વરની મદદ ન મળ્યાથી પાપનું દમન કરવું અસંભવિત છે; મનુષ્ય સર્વદા દુર્બળ છે; તે કદી પોતાના બળના ઉપર આધાર રાખીને ઉભો રહી શકતો નથી.

વિશ્વાસ પ્રીતિ અને સ્વતંત્રતા આ ત્રણ ધર્મનું મૂળ છે; એના ઉપર આખું ધર્મનું રાજ્ય સ્થાપિત છે.

મનુષ્ય પોતે પોતાનો શત્રુ છે અને પોતે પોતાનો મિત્ર છે. મનુષ્ય પોતે પોતાના માર્ગમાં દુઃખના કાંટા રોપે છે અને પોતે પોતાના મૃત્યુનો કૂવો ખોદે છે. જે વિવેક અને કર્તવ્યને તાબે થઇને ચાલે છે તેને પરમેશ્વર પોતે બખ્તર થઇને શત્રુ તથા વિ-

પદના હાથથી છોડાવે છે.

ઇશ્વરનું દર્શન જેવું કઠણ છે તેવું સહેલું પણ છે; જો હૃદયમાં ભક્તિ અને વિશ્વાસ ન હોય તો કઠણ તપશ્ચર્યાથી પણ તેનું દર્શન થતું નથી; એક વેળાએ દૃઢ વિશ્વાસથી જો કહી શકો કે "તેમાં છે," તો નિશ્ચય તેનું દર્શન થશે.

સત્યની જમીન ઉપર ઉભું રહેતું જોઇએ; સત્યથી વિચલિત થયાથી મનુષ્યનું સર્વ નાશ થઇ જાયછે.

જેમ દર્પણ આપણા મુખની મલિનતા દેખાડે છે. તેમ શુદ્ધ ચિત્તવાળા ધાર્મિક માણસો એક સ્વચ્છ દર્પણના જેવા છે; આપણે જ્યારે તેઓની પાસે જઇએ છીએ ત્યારે તેઓનાં નિર્મળ પવિત્ર જીવન દર્પણની પેઠે આપણાં પાપ, મલિનતા પ્રકાશ કરી આપે છે ને પોતાના જીવનની નીચતા જોવા ઇચ્છતા હો તો સાધુના જીવન દર્પણની આગળ એકવાર જાવ.

શરીરની પીડા થયાથી ડાકટરો તથા વૈદ્યો તે મટાડી શકે છે, પરન્તુ આત્મા જ્યારે પાપના રોગમાં ફસાઈ જાય છે ત્યારે તે આત્માનો વૈદ્ય પરમેશ્વર શિવાય બીજો કોણ તે મંદવાડને સારો કરવામાં સમર્થ થાય છે!

ગાયન માણુસના પ્રાણ મનને મુગ્ધ કરે છે. જગતની સર્વે વસ્તુઓ તે મહાન્ પરમેશ્વરનું મહાન્ મંગળ ગાયન ગાય છે. મૂર્ખ મનુષ્યો! તમે પણ તે પરમ સુન્દર ચિત્તવિમોહન પરમેશ્વરનું મંગળ ગાયન ગાઈને પોતાના ચિત્તને શીતળ કરો અને પક્ષીઓની પેઠે આ સંસારારણ્યના તૃષિત માણુસોના પ્રાણ પણ શીતળ કરો.

આ જગત્ પરમેશ્વરનું એક વગાડવાના વાજા જેવું છે; પરમેશ્વર તેનો વગાડનારો છે; વાજાનો સામાન જો યથાસ્થાનમાં ગોઠવ્યો ન હોય તો વગાડનાર તે વાજાથી સુમિષ્ટ સ્વર કાઢી શકતો નથી, તેમ આ સંસારમાં સર્વ મનુષ્યો જો પરમેશ્વરની

આજ્ઞાનુસાર ખરી જગાએં ન રહે તો પરમેશ્વર સુંદર રૂપથી આ જગત્યંત્રમાંથી પોતાની ઇચ્છા પ્રમાણે સ્વર કાઢી શકતો નથી; આપણે જો તેની આજ્ઞા પ્રમાણે મુકરર કરેલી જગાએ રહીએ તો આ જગત્ યંત્ર કેવું સુંદર થાય!

ધર્મનું શું વિજ્ઞાન નથી? જેઓ ધર્મનું વિજ્ઞાન વાંચતા નથી, તેઓની આગળ ધર્મનાં ગૂઢ તત્વો એક રીતે સમસ્યાનાં જેવાં જણાય છે; ધર્મ વિજ્ઞાનનું અધ્યયન કરવું હોય તો અન્તરની આંખને ઉજ્જવળ કરવી જોઇએ, અને પરમેશ્વરના ઉપર વિશ્વાસ દૃઢ કરવો જોઇએ.

તળાવનું પાણી મેલું હોયછે; નદીનું નિર્મળ પાણી પણ કિનારાના કાદવથી મેલું થઇ જાય છે, પરંતુ ઝરામાં જે સ્થાનમાંથી પાણી નીકળે છે, તે પાણી મેલું થઇ શકતું નથી. મનુષ્યના મુખથી, પુસ્તકમાંથી જે સર્વ સત્યો આપણે મેળવીએ છીએ તેમાં અસત્ય ભળીને આવે છે, પરંતુ નિર્મળ અનન્ત સત્યના જે ઝરા છે તેની આગળથી જે સત્યો આવે

છે તેજ ખરાં સત્ય છે: સાધુઓ તે અનન્ત સત્યઝ-રાની આગળથી તે સત્ય ગ્રહણ કરે છે.

પાપના જેવો ભયાનક શત્રુ બીજો એકે નથી, અને પરમેશ્વરથી દૂર રહેવાના જેવી મનુષ્યની દુર્ગતિ બીજી કંઇ પણ નથી.

અશાન્તિ અને વિરક્તિ મનુષ્યના શરીર તથા મનને જેમ ધ્વંસ કરેછે તેમ બીજું કોઇ કરતું નથી; અધૈર્યજ અશાન્તિનુ એક મોટું કારણ છે; ધૈર્યશીલ થયાથી સર્વ અવસ્થામાં મનની શાન્તિની રક્ષા કરી શકાય છે.

દાન એ એક મોટો ગુણ છે ખરો, પરંતુ અ-ન્યાય રીતે કમાઇને ધન દાન કરવાથી કંઈ ફળ થતુ નથી; એક મોટો દોષ કરીને સામાન્ય ગુણથી તે-ની નુકશાની ભરી દેઇ શકાતી નથી.

પરિશ્રમ કરવો એ કેવળ આપણો ગુજારો કરે

વા માટે માનને પાત્ર છે તેમ નથી, પરંતુ ખાવા ફરવાથી જેમ શરીરની રક્ષા થાય છે, તેમ પરિશ્રમથી પણ શરીરનું બળ વધેછે અને મન પાપથી દૂર રહેછે.

ધાર્મીક થવું હોયતો ધર્મનો ઢોંગ દેખાડવો નન જોઇએ; જેમ મોટી હવેલી બંધાવવી હોયતો પહેલાં મજબુત પાયો કરવાની જરૂર હોય છે, તેમ ધર્મજીવન બનાવવું હોય તો પાયા સ્વરૂપ ખરૂં કહેવુ તથા અભ્યાસ કરવો જોઈએ.

દરરોજ પ્રાત:કાળે ઉઠીને તે દિવસનાં કર્તવ્ય કર્મ નક્કી કરવાં એ સારૂં છે; એકજ વેળા એ ઘણાં કર્તવ્ય કર્મનો બોજો લીધાથી કાંઇ પણ નિયમસર થતું નથી.

વિશ્વાસઘાતક માણસ વિશ્વાસઘાતકના બળથી બીજા માણસના કરતાં પોતાનું વધારે નુકશાન કરેછે.

ફોટોગ્રાફ પાડવાની વેળાએ કાચ ઉપર અરક લગાડવાથી છબી પડે છે તે જેમ કાયમ રહેછે, તેમ આપણા મનને જો ભક્તિ તથા વિશ્વાસનો અરક લગાડયો હોય તો આપણે જે ઐશ્વરિક વાતો સાંભળીએ તે સર્વદા મનમાં ચિત્રિત થઇ રહે છે.

જેમ કોઇ જગામાંથી જંગલી ઝાડ પાલા ઉખાડી નાંખ્યા પછી થોડા દિવસમાં એ જગા વનથી પૂર્ણ થઇ જાય છે તેથી તે જગા નિત્ય સાફ કરવાની જરૂર છે, તેમ એકવાર મનના પાપી વિચારોને હાંકી કાઢયા છતાં પાછા તેઓ આવે છે, એટલા માટે દરરોજ ઉપાસના તથા પ્રાર્થના કરવાની જરૂર છે.

જેમ કોઇ ઝાડની નીચલી શાખાને કાપી નાંખ્યાથી એ ઉપરની તરફ વધે છે, તેમ જ્યારે માણુસ જગતના વિષયથી મનને મુક્ત કરેછે ત્યારે તેની ગતિ ઇશ્વર તરફ દોડે છે.

હાથી વગર ક્લેશથી ઝાડ તથા પથ્થર ખસેડાને પોતાનો માર્ગ કરી લે છે, પરન્તુ નાના બોરની ડાળી જોઇ શકતો નથી તેથી તેમાં ભરાય છે, તેમ ઘણાક વિદ્વાનો તથા બુદ્ધિમાન માણસો હાજી હા કરનારનાં સ્વાર્થ પૂર્ણ મીઠાં વાક્યો નહિ સમજતાં ઘણીક વેળાયે ઠગાય છે.

જે સુતાર પોતાના કામમાં કુશળ હોતો નથી તે પોતાના હથિયારનો દોષ કાઢે છે. કામ કરવાની શક્તિ કરવાની હોયતો ભાગેલા હથિયારથી પણ કામ થાય છે.

તમે ધન કુબેર થઇ શકશો નહિ, કારણ કે ધન મેળવવું એ સર્વના ભાગ્યમાં હોતું નથી; પરન્તુ તમે વિમળ ચરિત્રરૂપ ધનથી ધનવાન થઈ શકો છો, એ સર્વ અવસ્થામાં બની શકે એમ છે.

કોઇ વિષયનું શિક્ષણ મેળવવું હોય તો પોતાની નજર આગળ તે વિષયને આદર્શ રાખવું જોઇએ;

જ્યારે બાળકો લખતાં શીખેછે ત્યારે બીજા કોઇના અક્ષરો જોઇને તે પ્રમાણે અનુકરણ કરે છે; ચિત્ર કાઢનારાઓ સામે એક નમુનો રાખીને તેવાં ચિત્ર કાઢે છે; આપણું જીવન ગહન કરવાનું ખરૂં આદર્શ પરમેશ્વર છે. પરમેશ્વરનું સઘળું સ્વરૂપ વિશુદ્ધ તથા અનન્ત ભાવથી શોભે છે. આપણે તેનેજ સામે રાખી-ને જીવન ગહન કરીએ.

અવ્યવસ્થિત ચિત્તના જેવી બીજી દુરગતિ શી છે?

સરળ અને સત્ દક્ષા મશ્કરીવાળુ મોહન હસવું કપાળની ચિંતાની રેખા દૂર કરે છે, પણ વિદ્વેષવાળી મશ્કરી ઝેરથી ખરડાયલું તીર જેમ એકવાર લક્ષની જગાએ ફેંકયા પછી ઉપાડી લીધા છતાં જખમ થયેલી જગાએ ઝેર મૂકે તેમ સદા હાનિકારક થાય છે.

મૂર્ખ માણસો શરીરને અનર્થક દુખ દે છે જે

માણસ જીવનનાં કર્તવ્ય પાળવામાં બે પરવા હોય છે તે સ્વર્ગને માટે લાયક થતો નથી એટલુંજ નહિ પણ પૃથ્વીને માટે પણ ના લાયક છે.

સંસારના સારા ઉપર આધાર રાખશોના. ધનના ઉપર આધાર રાખશો ના. બીજા મદદ ઉપર આધાર રાખશો ના. સન્માનના ઉપર ભરૂસો રાખશો ના. વંશની મર્યાદાના ઉપર આધાર રાખશો ના. જીવનના ઉપર આધાર રાખશો ના. કારણ કે એક દિવસે મરવું પડશે.

જેનું ચિત્ત પાપી છે, તેને શાસ્ત્ર જ્ઞાન, દાન, કે બહારના કર્મ કાંડથી સુખ ઉપજતું નથી.

જ્ઞાની માણસ ધર્મના બહારના આડંબર ઉપર ધ્યાન ન લગાડતાં છતાં ખરા સાધુતાના માર્ગથી કદી પણ ખસતા નથી, કારણ કે તેઓ જાણે છે કે, હજારો યાગ યજ્ઞ કર્યાં છતાં જો સાધુતાથી વિચલિત થઇશું તો પતિત થઇ પડશું.

સત્ય માર્ગમાં રહીને પરોપકારનું વ્રત પાળો; એજ ખરો ધર્મ માર્ગ છે.

સત્યને મિથ્યા પોશાકથી શણગારશો ના; જે સત્ય તરીકે જાણો તે કદી પણ છુપાવશો ના.

બીજાને જ્યારે કોઇ સત્કાર્ય કરવાને કહો ત્યારે તે માર્ગે ચાલવા તમે પોતે ભૂલશો ના.

જેવા ઉત્સાહથી પોતાનું કાર્ય કરો, તેવો ઉત્સાહ બીજાનું કામ કરવાની વેળાએ પણ રહેવો જોઇએ તે જોજો.

સત્ય, ન્યાય, સારાં કામ તથા પવિત્રતાથી આનન્દ શોધો અને તમારાં વાક્યો, હાથ તથા પ્રવૃત્તિને શાસનમાં રાખો.

સર્વદર્શી પરમેશ્વરના ઉપર સંપૂર્ણ રીતે આધાર રાખો. તેની આગળ અન્યાય નથી; તે તમારે માટે જે યોગ્ય હશે તે આપશે.

સૂખ દુઃખ સર્વેના ભાગ્યમાં હોય છે; જે જ્ઞાની છે તે સર્વ અવસ્થામાં ચિત્તને શાન્ત રાખી શકે છે.

જીવતર સારા કામને માટે છે; સૂખ ભોગવવાને માટે નથી. ધન પારકાનું દુઃખ દૂર કરવા માટે છે; એકઠું કરવા માટે નથી. જ્ઞાન સાધુત્તાના માર્ગમાં વિચરણુ કરવા માટે છે, તર્ક વિર્તકને માટે નથી.

જેઓ કષ્ટ પામ્યા છતાં બીજાને કષ્ટ આપતા નથી, જેઓ દુઃખ સહન કરવામાં તૈયાર હોય છે અને જ્ઞાનની સાથે સર્વ દુઃખભાવ વહન કરે છે, તેઓને ઇશ્વર બળ તથા સૂખ આપે છે:

જેઓ પવિત્રતાને માટે આતુર હોય છે તેઓને ઈશ્વર મદદ કરે છે.

જેઓનો વિશ્વાસ દુર્બળ હોય તેઓના ઉપર દયા કરજો; તેની નિંદા કરશો ના. બીજાના દાસનો ન્યાય કરવાનો તમારો શો અધિકાર છે? તે પો-

તાના શેઠની આગળ તેનાં સર્વ કાર્યને માટે જુમ્મેદાર છે.

જો બીજાનું કંઇ નુકશાન થાય તો તે થોડું હોવા છતાં વધારે જાણવું; જો બીજાનું ભલું કરો તો તે વધારે હોય તો પણ થોડું જાણવું. બીજાનું તમારાથી જો કંઈ નુકશાન થયું હોય તો તેને ઓછું સમજતા ના; કોઇએ જો તમારૂં કંઇ નુકશાન કર્યું હોય તો તેને મોટું સમજશો ના.

શત્રુના દુઃખથી આનંદ પ્રકાશ કરશો ના; તેનું સૂખ જોઇને મનમાં બળશો ના,

---

કોણ ખરો વિજયી છે, જેણે રિપુ જય કર્યો છે અને જે શત્રુને મિત્ર કરી શક્યો છે.

કદી પણ કહેશો ના કે, "હું સાધુને ચાહું છું અને પાપીને ધિક્કારૂં છું." પરન્તુ કહો કે સર્વ મનુષ્ય જાતિને ચાહું છું.

મોટો અપરાધ કરવાથી જેને માટે સરકાર તરફથી ફાંસીનો તથા જન્મ દેશ નીકાલનો હુકમ થયો હોય તેના ઉપર પણ પ્રેમ કરવો; તેના મૃત્યુ કાળે તેના ઉપર દયા દેખાડવી.

સારાં કામ કરવાની વેળાએ "બીજા જુએ" એવી ઇચ્છા કરવી નહિ; એવું કામ ઇશ્વરની આગળ સત્કાર્ય તરીકે ગણાશે નહિ.

કોઇ બે શેઠોની નોકરી કરી શકશે નહિ, કારણ કે તે એક માણસને ધિક્કારશે અને બીજાને ચહાશે. નહિ તો પહેલાના ઉપર પ્રેમ રાખશે અને બીજાને ધિક્કારશે. તે પ્રમાણે તમે કદી ઇશ્વર તથા સંસાર એ બેની સેવા કરી શકશો નહિ.

ફળવાન ઝાડનાં પાતરાં વધારે અવાજ કરતાં નથી; લોકો પોતાની મેળે તેને શોધી લેછે. સાધુ માણસનું જીવતર પણ તેવું છે.

સાધુતા વિનાના વિદ્વાનનું જીવન બહુ શાખા વાળા પણ નાના મૂળના ઝાડના જેવું છે; જરા હ-વાથી તે ઉખડી જાય છે. પરન્તુ જેની વિદ્યાના ક-રતાં સાધુતા વધારે હોય છે તેનુ જીવિત થોડા શા-ખાવાળા પણ ઉંડા મૂળના ઝાડના જેવું છે. તે વાયુ જોરથી ફુંકવા છતાં તેને ઉખાડી શકતો નથી.

જીવનના માર્ગો બે છે; એક પહેલો સરળ, પહોળો, અને સૂખદાયક છે, પણ જેમ જેમ આગળ વધતા જા-ઓ તેમ તેમ સાંકડો, કાંટાવાળો તથા ક્લેશકારક થાય છે: બીજો પહેલાં સાંકડો તથા ક્લેશદાયક છે, પણ જેમ જેમ આગળ જાઓ છો તેમ તેમ પહોળો તથા સૂખદાયક થઈને જવાની જગાએ લઈ જાય છે. પહેલો પાપનો માર્ગ છે, બીજો ધર્મનો માર્ગ છે.

ઝાડના પહેલા ભાગમાં અને શાખા પ્ર-શાખામાં જેટલો ધ્રુજારો થાય છે, તેટલો થડના ભાગમાં ન થતાં તે સર્વદા અચળ રહે છે; પરંતુ

ધર્મનો સર્વ ધુમ્મારો મૂળથી માથા સુધી સર્વદા પ્રસરેલો હોય છે.

ધર્મ—યાત્રાનો અર્થ જીવનને સુધારવાનો અને અસદ્‌ગુણને સદ્‌ગુણમાં આણવાનો છે. જેટલો અસદ્‌ગુણનો વિનાશ થાય તેટલા સદ્‌ગુણ મેળવીને જ્યારે કોઈ માત્ર સદ્‌ગુણવાન થાય છે ત્યારે તે મહર્ષિઓના ગુણ મેળવે છે. યાત્રિક મહર્ષિ ગુણ મેળવીને મહા પુરૂષના ગુણમાં ભૂષિત થાય છે. મહા પુરૂષના ગુણ મેળવીને ઐશ્વરિક પ્રકૃતિ ધારણ કરે છે, તેથીજ યાત્રિઓનું અહંપણ નાશ પામે છે. અહંપણ નાશ થયાથી તે ઈશ્વરમાં અનંત જીવન મેળવે છે.

ઘણું વિદ્યા સંબંધી વાંચવા લખવાથી ધર્મ આવતો નથી; વ્રતોપાસનાથી પણ આવતો નથી; ઈશ્વર સિવાય જે છે તેજ સંસાર છે. તે સંસારનો વિચ્છેદ થવો તથા તેનાથી અળગા રહેવું અને એ વિચ્છેદથી અળગા રહેવા છતાં નિર્લિપ્ત

એ ધર્મ છે. બીજી ધર્મની અપરિપક્વ થવું અવસ્થા છે. વિચ્છેદ નિર્લિપ્તમાં આ સંસાર રહે છે. જે માણુસ સંસારથી વિચ્છેદ તથા નિર્લિપ્તની સ્પર્દ્ધા કરેછે તે ખરી રીતે તેમાં ફસાઇ જાય છે. તેને આમ કહી શકાય કે તમે વિચ્છેદ તથા નિર્લિપ્ત મેળવવાનો ગર્વ કરીને તેમાં શા માટે ફસાઇ ગયાછો? તમારી આ સ્પર્ધ્ધા લિપ્તતા સિદ્ધ કરે છે. જે માણુસ નિર્લિપ્ત છે તેને સ્પર્ધ્ધા કરવાની દરકાર શી હોય? ઈશ્વર મને આ સર્વ વિચારથી દુર રાખો.

પ્રેમનો અર્થ એ છે કે પોતાની ઇચ્છા તથા ધારેલી મુરાદને વિસર્જ્જન કરીને મિત્રની ઇચ્છા તથા ધારેલી મુરાદને પોતાની ઇચ્છા તથા ઈચ્હેલી મુરાદ તરીકે સમજવી. પોતાની ઇચ્છાના બંધનમાં ન બંધાવું ને પોતાની કોઇ પ્રિય વસ્તુની સખાની આગળથી આશા ન રાખવી; જો તમે સખાની પાસેથી ઉપકાર મેળવવાની ઇચ્છા કરો તો તમે સ્વાર્થ બંધનમાં બંધાયલા છો, સખાના બંધનમાં બધાયલા નથી. પરન્તુ પ્રેમ શબને એટલે મુડદાને ધોનારના હાથમાંના શબની પેઠે સોંપે છે. તે પો-

તાનો ભાવ છોડીને જાય છે અને કામ કરવાની દોરી સખાના હાથમાં સોપે છે. તો પણ તેજ પ્રેમિક છે જે પોતે પોતાના ગુણ તથા સ્વભાવથી મુકત થઇને સખાનો ગુણ તથા સ્વભાવમાં ભૂષિત થાય છે, જેમકે લખવામાં આવ્યું છે કે "ઇશ્વરના ચરિત્ર જેવું ચરિત્ર મેળવો" તે વચન આ ભાવની પોષકતા આપે છે.

જે પાપના આરંભમાં ભય રાખે છે; પછી ક્ષમાની પ્રાર્થના કરે છે તેવો સાધક ઇશ્વરની તરફ વળે છે. જે તપશ્ચર્યાના આરંભમાં નિશ્શંકપણું ને પછવાડે પોતાનો ગૌરવ રાખે છે તેવા તપસ્વીને તે તપશ્ચર્યા ઇશ્વરથી છેટે રાખે છે.

અહંકારી સાધકને સાધક કહેવાઇ શકાતો નથી; તે અપરાધી છે ક્ષમા પ્રાર્થના શીલ પછી સાધકમાં ગણાય છે.

અનુતાપના શિવાય ખરી ધારણાનો આરંભ

થતો નથી; ઇશ્વરે અનુતાપને સાધનાનું પહેલું અંગ કર્યું છે.

જે માણસ જીવનને માટે જીવનની જોડે સંગ્રામ કરે છે તે ઇશ્વરનો મહિમા સમજી શકે છે. જે ઇશ્વરને માટે જીવનની જોડે સંગ્રામ કરે છે તે ઇશ્વરને મેળવે છે.

અંધારાથી ઘેરાયલી રાતમાં કાળા પથ્થર ઉપર નાની કીડીની પેઠે ગૂઢ રૂપથી ઇશ્વર મનુષ્યમાં રહેલો છે.

મનુષ્યનો શત્રુ જ્ઞાની હોય એ તેના સૌભાગ્યમાં એક સૌભાગ્ય છે.

જે માણસ આ ત્રણ વસ્તુને ચાહે છે, તે નરકની પાસે છે; સારૂં ખાવાનું, ઉત્તમ કપડાં અને ધનવાનનો સહવાસ.

જેણે ઇશ્વરને જાણ્યો છે તેની આગળ કંઈ પણ અપ્રકાશિત નથી; ઈશ્વરને ઇશ્વરથીજ જાણવામાં આવે છે. જે માણસ ઇશ્વર યોગથી ઇશ્વરને જાણે છે તેને જાણવાનું છે તે સર્વ જાણે છે.

જેણે ઉન્નતિ શોધી છે તેણે તે વિનયતાથી મેળવી છે; પુરૂષોપકાર શોધ્યોછે, તે સત્યમાં મેળવ્યો છે; ગૌરવનો શોધ કર્યો છે તે ઇશ્વર ભયથી મેળવ્યો છે; શાન્તિ શોધીછે તે વૈરાગ્યતાથી પામ્યો છે; સંપદ શોધી છે તે નિર્ઝરમાં મેળવી છે.

જે માણસ ધારે છે કે મારાં ધર્માનુષ્ઠાન મને નરક ગતિથી બચાવીને સ્વર્ગમાં લઇ જશે તે વિપદ વિનાનો નથી, પરન્તુ જેણે ઇશ્વરની કરૂણાના ઉપર વિશ્વાસ રાખ્યો છે તેને ઇશ્વર સ્વર્ગમાં લઇ જશે.

ઇશ્વરના અદ્વિતીયત્વ જ્ઞાનનાં ત્રણ મૂળ છે; તેને પ્રતિપાલક રૂપથી જોવો, તેને એક સમજીને કબુલ કરવો અને પોતાનો સર્વ ગૌરવ વિસર્જ્જન કરવો.

વ્યવહાર શુદ્ધ રાખવાના બે ઉપાય છે; ધૈર્ય તથા પ્રેમ.

સાધુસંગ કરવો સાધુને માટે ઘણોજ ઉત્તમ છે; જે સાધુ સાધુસંગથી દૂર રહે છે તે રોગ વિનાનો નથી.

સઘળા શાસ્ત્રો વાંચ્યા અને બહુ સાધુસંગ કર્યા છતાં સદ્‌ગુરૂની આજ્ઞા પ્રમાણે પોતાને વશીભૂત ન કર્યાથી ખરૂં મનુષ્યત્વ મળતું નથી.

પહેલું ધર્મજ્ઞાન, પછી વૈરાગ્ય.

સહનશીલતાનાં ત્રણ લક્ષણ છે, ૧ નિન્દાનો ત્યાગ. ૨ વિશુદ્ધ સન્તોષ. ૩ અનેક મનના આનન્દથી ઇશ્વરની આજ્ઞા માનવી.

લોકોના જુલમથી જે દુઃખિત થતો નથી તેજ માહાજન છે.

પરમેશ્વર ઉપર પ્રીતિ કરવી અને તેને પ્રિય હોય તે કાર્ય કરવાં એજ તેની ઉપાસના છે.

સચ્ચરિત્ર ઇશ્વરપરાયણ માણસો સાધુ છે.

મનુષ્યમાં શ્રેષ્ટ કોણ? જ્ઞાનવાન ઇશ્વરપરાયણ, ઉપાસનાશીલ, સત્યવાદી જીતેંન્દ્રિય, પવિત્ર ચરિત્ર, સમદર્શી, સત્કર્મશીલ, ઉત્સાહી, ધીર, વીર, ક્ષમાવાન ને પ્રિયભાવિત, સર્વે જીવ હિતૈષી ધાર્મિક માણસ માનવ જાતિનાં શ્રેષ્ટ ભૂષણ છે.

ધર્મજનિત આત્મ પ્રસાદજ સ્વર્ગ છે પાપજનિત આત્મગ્લાનિજ નરકછે. સ્વર્ગ નામની કોઇ જગ્યા નથી, મનજ સ્વર્ગ છે, મનજ નરક છે, આત્માજ પુણ્ય કરે છે, આત્માજ પાપ કરે છે એટલા માટે આત્માજ તેનું ફળ ભોગવશે.

પાપનું પ્રાયશ્ચિત કેવી રીતે થાય છે? આત્મગ્લાનીથિ જર્જરિત થઇને હવે પાપ કરીશ નહિ,

એ પ્રતિજ્ઞાની સાથે ઇશ્વરને શરણે થઇને તેની આગળ ઉદ્ધારને માટે સરળ પ્રાર્થના કર્યાથીજ પ્રાયશ્ચિત થાય છે.

સર્વે પ્રકારની હૃદયની ગાંઠો એટલે પાપ અજ્ઞાનતા રૂપ બંધનથી છુટીને ઇશ્વરના સહવાસથી ભૂમાનન્દ મળે એજ મુક્તિ છે.

સંસારના ઉપર જેનો વિતરાગ છે અને ઇશ્વરના ઉપર દૃષ્ટિ છે તેજ ઋષિ છે.

ગ્રહસ્થનો ગૃહ ધર્મ જો ઇશ્વરના ઉપર પ્રતિષ્ઠિત થાય તો તે સૂખ શાંતિનું મંદિર થાય; એ વાસ્તે ધર્માવહ રૂપી સિંહાસન ઘરમાં સર્વથી પહેલાં સ્થાપવું જોઇએ.

ધાર્મિક મનુષ્ય આ જગત્‌માં સૂખી રહે છે અને આવતી દુનિયામાં પણ તે સૂખી થાય છે; તે બન્ને લોકમાં સૂખી છે; તે જ્યારે સારા વિચાર કરે

ત્યારે તે સૂખી થાય છે. તેમજ સારાં કાર્યો કરે છે ત્યારે પણ તે સૂખી થાય છે; તે જ્યારે સારે રસ્તે જાય છે ત્યારે તે વધારે સૂખી થાય છે.

સર્વથી ઉત્તમ ત્રણ વસ્તુઓ છે ૧ સારો વિચાર ૨ સારૂં કહેલું વચન અને ૩ સારૂં કીધેલું કામ.

સર્વથી ખરાબ ત્રણ પદાર્થો છે. ૧ ખરાબ વિચારો. ૨ ખરાબ કરેલું વચન. અને ૩ ખરાબ કરેલું કામ.

સારા જ્ઞાનને હું વખાણુંછું, પણ સર્વથી ખરા જ્ઞાનને હું વધારે વખાણુંછું.

સત્ય ભાષણ બોલવું ઘણુંજ જયકારી છે.

સત્યથી રહેનારના આયુષ્યને નુકશાન પહોંચતું નથી.

પુણ્ય ઘણું લાભકારી છે, અને જે સત્ય બોલે છે તે શ્રેષ્ઠ છે.

અસત્યને પસંદ કરનાર મનુષ્ય પોતાને જલદીથી વિપદમાં નાંખે છે તથા પરલોકમાં પોતાના આત્માની ખરાબી કરે છે.

સત્ય વિચાર, સત્ય ભાષણ અને સદનુષ્ટાન બધો યશ વિશુદ્ધ માણુસને મળે છે.

જે પ્રીતિ ગરીબને ખાવાનું અપાવે છે તેની અમે પ્રશંસા કરીએ છીએ.

પવિત્રનું શિક્ષણ લ્યો, સત્પ્રશંસાને યોગ્ય થાવ, મન સારા વિચારમાં નિમગ્ન કરો, વાક્ય શુભ બોલો, કાર્ય શુભ કરો, સઘળા ખરાબ વિચારોને કાઢી નાંખો, સઘળાં ખરાબ વાક્ય ઓછાં કરો, બધાં ખરાબ કામને બાળી નાંખો.

સૂર્યના પ્રમાણે તેજોમય થાઓ, ચંદ્રના પ્રમાણે નિર્મળ થાઓ.

મહાજન પોતાના મહત્વ ઉપર લક્ષ આપતો નથી, તેમાંજ તેનું મહત્વ છે. પોતાના મહત્વના ઉપર જેની નજર પડે છે, તેનું મહત્વ રહેતું નથી. પ્રેમિક પોતા પ્રત્યેના પ્રેમ ઉપર લક્ષ કરતો નથી. સર્વના ઉપર તેના પ્રેમનો ગૌરવ છે. પોતાના પ્રેમના ઉપર જેની નજર હોય છે તેનો પ્રેમ નાશ પામે છે.

સાધુતાનાં ત્રણ લક્ષણો છે, ૧ સંસારની મર્યાદા તમારા અન્તરમાં જગા મેળવતી નથી; તમને સોનુ રૂપુ માટીના જેવુ જણાશે; માટી જેમ હાથમાંથી નાખી દેવામાં આવે છે તેમ સોનુ રૂપુ હાથમાં આવ્યે કરવું; ૨ લોકના ઉપર તમારી નજર રહેવી નહિ જોઇએ; સ્તુતિ નિન્દા સરખી થવી જોઇએ; લોકોની પ્રશંસાથી તમે ફૂલાશો ના, નિન્દામાં પણ ઓછા થશો ના; ૩ તમારા અન્તરમાં કામના રહેવી ન

જોઇએ. ઇન્દ્રિય સેવામાં તથા સારૂં ખાવામાં સંસારી લોકો જેમ આનંદિત થાય છે, તેમ તમારે કામના ત્યાગમાં તથા ભોગવિરાગમાં સૂખી થવું જોઇએ; જ્યારે તમે એવા થશો ત્યારે સાધુ પુરૂષોનો સંગ કરવા લાયક થશો; બીજી સાધુતાની વાતની તમને શી દરકાર છે.

કોઇ પોતાના દોષ જોઈ શકતા નથી; પોતાનું જે કંઇ હોય છે તે સર્વે સારૂં જુએ છે; પરન્તુ જે માણુસ સર્વાવસ્થામાં પોતાને અધમ જાણે છે તે પોતાનો દોષ જોઈ શકે છે.

માન, અપમાન, મહેરબાની, અફવા એ સર્વ ને એક સરખી રીતે ના જુએ ત્યાં સુધી મનુષ્યની પૂર્ણતા થતી નથી.

પૃથ્વિમાં ત્રણ જણાઓ શ્રેષ્ટ છે, ૧ જે જ્ઞાની આત્મજ્ઞાનની વાત કરે છે તે; ૨ જે સાધક અનાસક્ત હોય તે, અને ૩ જે ઋષિ અલૌકિક રૂપથી

ઇશ્વરની પ્રશંસા કરે છે તે.

ઈશ્વરે જેને પરમાર્થ જ્ઞાનમાં શ્રેષ્ઠ કર્યો છે, તેણે પાપમાં પડીને પોતાને નીચ નહિ કરવો એ તેનું કર્તવ્ય છે.

ચાર વિષયમાં હૃદયનું કલ્યાણ છે. ઈશ્વર સંબંધમાં દીનતા. ૨ ઇશ્વરના પદાર્થ સંબંધમાં. નિષ્પૃહપણું. ૩ ધ્યાન તથા ૪ વિનય.

ઇશ્વરના વિચારથી ભય, કરૂણાથી આશાની ઉત્પત્તિ થાય છે.

ખરો ભય અન્તર બહારના સંસારથી છોડાવે છે.

ભય સાધકને ઇશ્વરની આગળ ખડો કરે છે; અહંકાર ઇશ્વરથી દૂર લઈ જાયછે.

સાધારણ કૃતજ્ઞતા અન્ન વસ્ત્રને માટેછે; વિશેષ

કૃજ્ઞતા તત્વજ્ઞાન જે અન્તરમાં પ્રકાશિત થાય છે તેને માટે છે.

વિનયનાં મૂળ ત્રણ છે. ૧ પોતાની અજ્ઞાનતાનું સ્મરણ કરવું, ૨ પોતાના પાપનું સ્મરણ કરવું, ૩ પોતાની ખોટ ઇશ્વરની આગળ સ્મરણ કરવી.

જે માણસ લજ્જાની વાત કહેછે, પરન્તુ ઇશ્વરથી શરમાતો નથી, તે ખરી લજ્જાવાળો નથી.

ઔત્સુક્ય પ્રેમ ઝાડનું ફળ છે. જે માણસ ઇશ્વર ઉપર પ્રેમ કરે છે ઇશ્વર તે દર્શનને માટે આતુર થઇ રહેછે; જેટલો ઇશ્વરમાં દાસનો આનન્દ તેટલી તેની આતુરતા વધેછે; આતુરતાના પ્રમાણે દાસ વિચ્છેદનો ભય કરેછે.

જે વિપદ આવવાની પહેલાં તેને નિવારણ કરવાનો ઉપાય શોધે તેજ જ્ઞાની છે.

તમે પોતાની ઇચ્છાનાં તાબે થઇને કેદખાનામાં પૂરાયા છો; ઇશ્વરમાં ભાર સોંપ્યાથી બચશો તથા સૂખી થશો.

સંસારમાં સંતોષ માનશો તો ઈશ્વરના ઉપર તમારા મનમાં સન્તોષ રહેશે નહિ; તમે લોકોનો ભય કરશો તો ઇશ્વર ભય તમારા અન્તરમાંથી સ્પષ્ટ રીતે ચાલ્યો જશે. બીજાના ઉપર તમારી આશા રહેશે તો ઇશ્વર ઉપરની આશા તમારા અન્તરમાંથી દૂર થશે.

જે માણુસ ઇશ્વર શિવાય બીજા કોઇનો ભય રાખતો નથી, ઇશ્વર શિવાય બીજા કોઇની આશા રાખતો નથી, ઇશ્વરના સન્તોષને પોતાના સન્તોષના ઉપર આસન આપે છે તે માણુસનો યોગ ઇશ્વરની સાથે થાય છે.

ઇશ્વર ભય તમને ઈશ્વરની આગળ લઇ જશે; દંભ તથા અભિમાન ઈશ્વરથી વેગળા રાખશે.

લોકોનો તિરસ્કાર કરવો, નીચ મનના ધારવા-એ એક જાતનો રોગ છે; તે કદાપિ મટતો નથી.

જયાં સુધી પ્રવૃત્તિ વિરુદ્ધાચરણ કરતી નથી ત્યાં સુધી મનુષ્ય પોતાની પ્રકૃતિમાં રહે છે; જયારે વિરુદ્ધ આચરણ કરેછે ત્યારે સારી પ્રવૃત્તિના માણસો પણ નીચ પ્રકૃતિને પ્રાપ્ત થાય છે.

પોતાના સંબંધમાં ત્રણ શત્રુઓ છે; ૧ ધનનો લોભ, ૨ મનુષ્યની આગળ સન્માન મેળવવાની ઇચ્છા, ૩ મનુષ્ય તરફથી ગ્રાહ્ય થવાની ઇચ્છા.

ઈશ્વરના ગુણ સંબંધમાં જે તમે બોલો છો, તેની સત્યતા તમારૂં કૃત્ય જો કબુલ રાખેતો તમારો પ્રેમ વિરૂદ્ધ માનવો પડશે.

બે વિષયોમાં સાવચેત રહેો; અહંકાર તથા લોભ, જયાં સુધી અહંકારી તેના કુટબનાં હલકાં માણુસોથી દુર્ગતિ ભોગવે ત્યાંસુધી ઇશ્વરતેને આ લો-

કમાંથી ગ્રહણ કરતો નથી; લોભીના ગળામાંથી જ્યાં સુધી ભૂખ તરસ ન મટે ત્યાં સુધી ઇશ્વર તેઓને સંસારથી મુક્ત કરી ગ્રહણ કરતો નથી.

પંડિત તથા વૈરાગીઓના અહંકારની જોડે ધનવાન તથા રાજાઓના અહંકારની સરખામણી કરીએ તો પહેલાં માણસોના અહંકારનું ત્રાજવું વધારે નમશે.

મન ચાર પ્રકારનાં છે. ૧ મરેલું મન. ૨ રોગી મન. ૩ આળસુ મન અને ૪ તનદુરસ્ત મન. ધર્મ દ્રોહીનુ મન મરેલુ છે, પાપીનું મન રોગી છે, લોભીનું મન આળસુ છે, જેઓ સાધન ભજનમાં વધારે કાળ ગાળેછે તેઓનું મન તનદુરસ્ત છે.

કાર્ય કરતી વેળાએ યાદ રાખવું કે જે કંઈ કરૂં છું તે ઇશ્વર જુવે છે; બોલવાની વેળાએ સ્મરણ રાખવું કે જે બોલુંછું તે ઈશ્વર સાંભળે છે; મૌન રહેવાની વેળાએ યાદ રાખવું કે ઇસ્વર જાણેછે કે શા કારણથી મુંગો બેઠો છું.

સ્પૃહાની ત્રણ જાતો છે; ભોગની સ્પૃહા, બોલવાની સ્પૃહા, જોવાની સ્પૃહા; ભોગ કરવાની વેળાએ ઈશ્વરની ઉપરનો વિશ્વાસ સાચવજો, બોલવાની વેળાએ સત્યની રક્ષા કરજો, જોવાની વેળાએ સાધુતાને સાચવજો.

ચાર અવસ્થામાં પોતાની તપાસ કરજો; ૧ નિષ્કપટ સદનુષ્ઠાન કરો છો કે નહિ? ૨ નિસ્પૃહ ભાવથી કરોછો કે નહિ? ૩ ઉપકારની આશા શિવાય દાન કરો છો કે નહિ? ૪ કંજુસાઈવિના ધનની રક્ષા કરો છો કે નહિ.

અધર્મીક માણુસો સંસારમાં જે ગ્રહણ કરેછે તે લોભથી ગ્રહણ કરેછે; જે દાન કરેછે તે અધર્મમાં કરે છે.

વૈરાગ્યની પહેલી અવસ્થા ઇશ્વર ઉપર વિશ્વાસ છે, વચલી હાલત સહન શીલતા છે, અને છેલ્લી અવસ્થા ઇશ્વરપર પ્રેમ છે.

જો ઇશ્વરના પ્રિયપાત્ર થવાની તમે ઈચ્છા રાખો તો ઇશ્વર જે કરેછે તેમાં રાજી થાવ.

પોતાના માલિકને યાદ રાખો, મનુષ્યને છોડીદો.

બાંધેલાને છોડો અને છોડેલાને બાંધો એટલે બાંધેલી રૂપીઆની થેલીઓને છોડીને દાન કરો, અને ખોટા બોલોને તથા અમથા ભાષણવાળી છુટી જીભને બંધ કરો.

જવા માટે ચાર વાહનો રાખ્યાં છે; જયારે કાંઇ સંપદ મળે ત્યારે કૃતજ્ઞતાના વાહનમાં ચઢીને આગળ વધો, પૂજા અર્ચનાની વેળાએ પ્રેમના વાહનમાં બેસો, વિપદ પડેતો સહનશીલતાના વાહનમાં ચઢો. પાપ કર્યાથી અનુતાપના વાહનમાં બેસો.

જો હું જાણું કે લોકો મારી દુશ્મની કરે છે, ને પછવાડે મારી નિન્દા કરે છે, તો હું તેઓને સોનું રૂપું આપવાને તૈયાર છું, કારણ કે તેઓ મારા

ભલાને માટે તે કરેછે, એટલા માટે મારૂં ધન તેઓ ભોગવવાને અધિકારી છે.

ઈશ્વરના ઉપર નજર રાખો; ઈશ્વર જ્ઞાનનું ફળ છે.

જે ઇશ્વરની આગળથી પ્રાર્થના કરીને હૃદય મેળવે છે અને તરત તે હૃદય ઇશ્વરને પાછું અર્પણ કરે છે, તેના હાથથી રક્ષા પામે છે, તેજ ઋષિ છે.

હે મનુષ્યો ઇશ્વર આંખની જગા નથી, જીભનો માર્ગ નથી, તેના સંબંધમાં હૃદયનું કાર્ય છે. યત્નવાન થાઓ કે મન જાગતું રહે; જેનું અન્તર જાગેલું છે, તેને બીજા મિત્રોની જરૂર નથી; જાગૃત મનનો અર્થ એછે કે, ઇશ્વરમાં મન નિમગ્ન રહે. જેનુ મન ઇશ્વરની સત્તામાં ડુબેલું છે, તેને મિત્રો શા-કામમાં આવશે?

તમે નરકની આગમાં બીજ વાવીને સ્વર્ગ ભો

ગવવાની આશા કરોછો એના કરતાં બીજી મૂર્ખતા કેઇ ?

અનુતાપના પછી એક પાપ, અનુતાપની પહેલાંના સત્તર પાપના કરતાં પણ ભારે છે.

અસત્યમાં પડવુંજ મનુષ્યનુ અધોપતન છે.

સાધક જ્યારે બહુ ભોજનમાં લાગે છે ત્યારે દેવતાઓ રૂવે છે, લોભ જેને ખાવામાં લગાડે છે તે જલદીથી પ્રવૃતિની આગમાં બળેછે.

વિષય એકઠા કરવામાં જેમ વિષયી મનુષ્યો પ્રેમી હોય છે, તેમ વિષયત્યાગમાં જે પ્રેમી હોયછે તેજ વિષય વિરાગી છે.

ધનવાન કોણ છે? જે ઇશ્વરમાં અભયને પ્રાપ્ત થયો છે. ઇશ્વરદર્શી કોણ છે? જે છે તોપણ નથી. દીનતા શું છે? જગતની તમામ વસ્તુ છોડીને પો-

તાના પ્રભુમાં ધનવાન થવું તે. મનુષ્યમાં કયો મા-
ણુસ વૈરાગ્યમાં દૃઢ છે? જેનો વિશ્વાસ વધારે છે તે.
પ્રેમનાં લક્ષણ શાં છે! હિતાનુષ્ઠાનમાં વૃદ્ધિ થતી નથી
નેઅ અહિતાચરણમાં ઓછાપણુ થતુ નથી.

ઈશ્વર પ્રેમિકોના ત્રણ સ્વભાવ હોયછે; સર્વ
વસ્તુમાં ઈશ્વરની હાજરીનો વિશ્વાસ કરવો, સર્વ વ-
સ્તુથી વાસનાની નિવૃત્તિ. સર્વ વસ્તુમાં ઈશ્વર ઉપ-
ર પ્રત્યાવૃત્તિ.

સંસારી લોકોની સેવા દાસ દાસી કરે છે, પરંતુ
પારલૌકિક લોકોની સેવા તો સાધુ વિરાગી તથા મ-
હાજનો કરે છે.

મનુષ્યની જોડે થોડી વાતો કરવી પણ ઈશ્વ-
રની જોડે વધારે વાતો કરવી.

ઇશ્વર જેની દોલત છે તેજ ધનવાન છે, વિષ-
ય વેપાર જેની દોલત છે તે સર્વદા ગરીબ છે.

જેની ઇશ્વરની સાથે મિત્રતા છે તેને પોતાની જોડે દુશ્મનાઈ હોય છે.

સંસાર ગાંડાઓનું રહેઠાણુ છે, તેમાં જેઓ રહે છે, તેઓ ગાંડા છે. ગાંડાઓના હાથ પગમાં બેડીઓ છે.

સુકોમળ પોશાક તથા સ્વાદદાર સામગ્રી ભોગવવામાં આસકત થયાથી સ્વર્ગનાં અન્ન વસ્ત્રથી છેટે રહેવાય છે.

ઇશ્વરનો આગળ વિનમ્ર થવું, તથા તેની આજ્ઞા માનનાર થવું; તે જે કરે છે તે માનવું એ વિનય છે.

જે માણુસ પોતાને કીમતી જાણે છે, તે વિનયથી છેટે રહે છે.

જે માણુસ ભાઇના ઉપર બહારથી પ્રેમ દેખાડે

છે અને અન્તરમાં શત્રુતા રાખે છે તેને ઇશ્વર શ્રાપ દે છે તે આંધળો તથા બહેરો થાય છે.

લોકોના કહેવા ઉપરથી સત્કાર્યને ચહાવું એ કપટતા છે, અને લોકને ખુશ રાખવા માટે સારાં કામો કરવાં એ મૂર્તિ પૂજકતા છે; આ બે ભાવથી ઇશ્વર જો રક્ષા કરે તો તમારામાં વિશુદ્ધ પ્રેમ ઉત્પન્ન થાય છે.

જે માણુસ ઇશ્વરને સત્ય ભાવથી જૂવે છે, તે સત્યભાવથી તેની પુજા કરે છે.

ઇશ્વરના શિવાય કોઇના ઉપર આશા ન રાખવી અને ઇશ્વર શિવાય બીજા કોઇનો ભય ન રાખવો એ ખરેખરી નિર્ભયતા છે.

બકરાં મેઢાં માણુસના કરતાં સાવચેત છે, કારણ કે ચરાવનારનો શબ્દ સાંભળીને જંગલમાંથી તેની તરફ દોડીને આવે છે અને ચારો દૂર કરે

છે, પરન્તુ માણુસ ઇશ્વરનો બોલાવવાનો અવાજ સાંભળીને તેની તરફ જતો નથી, તથા પોતાના ભોગ સૂખથી દૂર રહેતો નથી.

અસાધુ માણસોની સોબત તમારા મનમાં સાધુ માણુસના ઉપર તિરસ્કાર ઉત્પન્ન કરાવશે.

જ્યારે જોઇશું કે તમારા મનમાં એક બિંદુ પણ ઇશ્વરની વિરૂદ્ધ ભાવ નથી, ત્યારે ખરેખર ઇશ્વરનું જ્ઞાન તમને ઉત્પન્ન થયું છે એવું કબુલ કરીશું.

મૂર્ખ માણુસો જ્યારે જુએ છે કે પોતાની પાછળ ઘણા નોકરો છે ત્યારે તે અહંકારથી ફૂલાઇ જાય છે.

જો તમે કોઇને કંઇ આજ્ઞા કરવા ઈચ્છતા હો તો પહેલાં તમારે આજ્ઞા માનનાર થવું જોઇએ.

મારી બાયડી છોકરાંનાં કરતાં ધર્મબંધુઓ મને વધારે પ્યારા છે, કારણ કે, તેઓ ધર્મના મિત્ર છે; પરિજન સંસારના મિત્રો છે.

વિષયથી લોક ત્રણ વિષયમાં ખેદ કરીને આ લોક છોડીને જાય છે, ૧ ઇન્દ્રિય ભોગમાં તૃપ્તિ નહિ થવાથી, ૨ જેટલી આશા રાખી હતી તે પૂર્ણ નહિ થવાથી અને ૩ પરલોકની મુસાફરીમાં ભાતું એકઠું નહિ કર્યાથી.

થોડા ભાર લેનાર માણસો મુક્ત થાય છે, ઘણો ભાર લેનાર માણસોનું મૃત્યુ થાય છે.

જેઓ સંસારને ધીરેલી વસ્તુની પેઠે વાપરે છે, તેઓને ઇશ્વર ક્ષમા કરે છે, તેઓ ધીરેલી વસ્તુ પાછી આપીને થોડા ભારવાળા થાય છે અને વગર હરકતે સંસાર પાર થઇ જાય છે.

જે સંસારને ભાગીને તે ભાગેલી વસ્તુથી પાર-

લૌકિક મહેલ ચણે છે અને જે પરલોકને ભાગીને તેના ભાગેલા ઉપકરણથી સંસાર બનાવવામાં પ્રવૃત્ત થતો નથી તેનેજ હું ચતુર તથા જ્ઞાની કહું છું.

જેણે ઈશ્વરને ઓળખ્યો છે, તેણે તેના ઉપર પ્રેમ સ્થાપન કર્યો છે, અને જે માણસે સંસારને ઓળખ્યો છે તેણે ઇશ્વરની સાથે દુશ્મનાઇ કરી છે.

સંસારમાં ઇન્દ્રિયોને જેટલી સખ્ત સાંકળથી બાંધવાની જરૂર છે એવી રીતે કોઇ પશુને બાંધવાની જરૂર નથી.

તમારા મરણ પછી સંસાર તમારા ઉપર કેવો ભાવ ધારણ કરશે તે જો તમે જાણવા ઇચ્છતા હો તો બીજાના મૃત્યુ પછી તેઓના સબંધમાં કેવા ભાવ થાય છે તે જુઓ.

જે માણસ વિચારીને બોલતો નથી, તે વિપત્તિમાં ફસી પડે છે: જે માણસ સુવિચારવાળો થઇ

ને મુગો બેસતો નથી, તેનું મન ખરાબ ઇચ્છામાં તથા આલસ્યમાં જાય છે; જે માણસ નજરને વશીભૂત કરતો નથી તે ખરાબ રસ્તે દોરાય છે.

જે માણસે વાસનાને પગ નીચે દાબી નાંખી છે, તે મુકત બન્યો છે; જેણે અદેખાઇ છોડી છે તેણે પ્રેમ મેળવ્યો છે; જે માણસે ધીરજ ધારણ કરી છે તે નિત્ય શુભ ફળ ભોગવવાનો અધિકારી થયો છે.

અનાસકિતની ત્રણ હાલત છે? ૧ સાધક પોતાની વાત કહેતો નથી, ઇશ્વરનો પ્રત્યાદેશ કહેછે, તેમાં તમે ગુસ્સે થાવ અથવા સન્તુષ્ટ થાઓ તેના ઉપર નજર કરતો નથી. ૨ જે વિષયથી ઇશ્વર તરફનોવિરાગ ઉત્પન્ન થાય તેથી ઇંદ્રિઓને બચાવે છે ૩ જે વિષયમાં ઈશ્વરની પ્રસન્નતા થાવ તેવો યત્ન કરે છે.

જો કોઈ ઉપાસનાલયના દરવાજામાંથી આવો અવાજ કરે કે તમારામાંથી સર્વ કરતાં અધમ જે

માણુસ હોય તે નીકળે, માલિક શિવાય બીજો નીકળશે નહિ ?

પૃથ્વીના માણસો મિત્રતાને બજારના ફલૂદા [એટલે મુસલમાનોના એક જાતના ખોરાક]ની પેઠે જુવે છે. એ દેખીતાં સુંદર છે પણ સ્વાદમાં ખરાબ છે.

માયાના સંસારના સંબંધમાં સાવચેત થાઓ; પંડિતોના હૃદયને પણ તે આધીન કરી બેસે છે.

જેઓ ઇશ્વરની સ્તવસ્તુતિ તથા ઇશ્વર સ્મરણના કરતાં લોકનાં આગળથી શાસ્ત્ર ચર્ચા કરવાને વધારે ચાહે છે તેઓનુ જ્ઞાન ઓછું છે; મન આંધળુ છે; તે જીવન અસાર છે.

એક માણુસ મલિક દિનારની આગળ ઉપદેશ લેવા આવ્યો હતો તેને તેણે કહ્યું "જે તમારી સેવા

કરે છે તેની સેવા કરવામાં તમે લાગો તો મુક્ત થશો, "

મારી પાસે સર્વ કરતાં સુંદર વિષય પ્રેમ છે.

વિપત્તિમાં પડીને ધીરજ ધરવી એ આશ્ચર્યનો વિષય નથી; તેવી અવસ્થામાં સન્તોષ ધરવો એ આશ્ચર્ય છે.

છ વિષયમાં લોકોને વિપદછે ૧ પારલૌકિક કાર્યમાં ક્ષીણ સંકલ્પ થવું, ૨ દેહનું ખરાબ પ્રવૃત્તિને તાબે થવું ૩ મરતી વેળાએ દુરાશા ઉત્પન્ન થવી ૪ ઈશ્વરના સન્તોષ કરતાં લોકના સન્તોષને શ્રેષ્ટ ગણવો ૫ કોઇના નિયમને અમાન્ય કરીને ખરાબ પ્રવૃતિને તાબે થવું. ૬ પ્રાચીન ધાર્મિક માણસોના દોષોને પોતાની પોષકતાના પ્રમાણની જગાએ લેવા તથા ગુણોનો ત્યાગ કરવો.

તમે વિરક્ત હોવા છતાં જે માણસ વિરક્ત

થતો નથી, તેની જોડે મિત્રતા કરજો.

જે ઈશ્વરનો ભય રાખીને ચાલે છે તે સરલ માર્ગે છે; જે માણસ ભય વગરનો છે તે રસ્તો ભૂલ્યો છે.

લોકો જ્યારે ભયથી કામ કરે છે ત્યારે બરાબર કામ કરે છે; ભય અન્તરથી દૂર થયાથી લોકો રસ્તો ભૂલે છે.

જે ડાકતર મત્તપણામાં મત્ત થવાનું ઔષધ આપે છે તે ઘણોજ મૂર્ખ છે, એટલે જે માણસ સંસાર મદમાં મત્ત થએલા માણસને ઉપદેશ આપે છે, તેનો તે ઉપદેશ નિષ્ફળ જાય છે.

જો તમે લોકોના પ્રત્યે આસક્ત રહો તો આશા કરશો ના કે ઇશ્વરના ઉપર આસક્ત થશો.

નિર્જનપણું જેટલું સાધકને વિશુદ્ધ પ્રેમના ત-

૨૬ ખેંચે છે, એટલુ બીજુ કંઇ ખેંચતું જોવામાં આવતું નથી. નિર્જનવાસી ઈશ્વરના શિવાય બીજું કંઇ જોતો નથી; જે નિર્જન પ્રિય થયો છે તેણે શુદ્ધ પ્રીતિના થાંભલાનો આશ્રય કર્યો છે.

તત્વજ્ઞાન ત્રણ જાતનાં છે. ૧ ઇશ્વરનું એકત્વ તત્વ: આ જ્ઞાન સાધારણ વિશ્વાસીઓનું છે ૨ પ્રામાણિક તથા યૌક્તિકતત્વ; આ જ્ઞાન વિજ્ઞાની પંડિતોનું છે ૩. એકત્વ ગુણોનું તત્વ; એ જ્ઞાન ઇશ્વર પ્રેમિક ઋષિયોનું છે.

જે માણસો સત્યની સાક્ષી છે તેઓના અંતરમાં ઇશ્વર એવાં સત્યો પ્રકાશ કરેછે કે જે બીજા કોઇ માણસની આગળ જાહેર થતાં નથી.

રોગી મનનાં ચાર લક્ષણ છે. ૧ ઉપાસનામાં આનન્દ મળતો નથી. ૨ ઇશ્વરનો ભય થતો નથી, ૩ શિક્ષણ આંખથી વસ્તુઓ જોતો નથી, ૪ જ્ઞાનની વાતો જે સાંભળે છે તેની મતલબ જે સમજી શકતો નથી.

પાપને માટે જે પ્રાયશ્ચિત્ત છે તે સાધારણ પ્રાયશ્ચિત્ત છે; આલસ્યને માટે પ્રાયશ્ચિત્ત તે વિશેષ પ્રાયશ્ચિત્ત છે.

પ્રાયશ્ચિત્ત ત્રણ પ્રકારનાંછે; પાપ કરીને ઇશ્વ-રની સજા પામવાના ભયથી પ્રાયશ્ચિત છે અને ઈ-શ્વરની શરમને માટે પ્રાયશ્ચિત્ત છે. (પ્રાયશ્ચિત્તનો અર્થ ચિત્તનો અથવા જીવનનો ફેરફાર છે.) પ્રત્યેક ઈ-દ્રિયને માટે પ્રાયશ્ચિત્ત છે. ખરાબ વિચારના ત્યાગનો સંકલ્પ કરવો એ મનનું પ્રાયશ્ચિત્ત છે, અસત્ય સાં ભળવાથી દૂર રહેવું એ કાનનું પ્રાયશ્ચિત્ત છે, ખરા-બ વસ્તુ પકડવાથી દૂર થવું એ હાથનું પ્રાયશ્ચિત્ત છે. ખરાબ માર્ગ પર જવાથી છેટે રહેવું એ પગનું પ્રાયશ્ચિત્ત છે.

આશાના કરતાં ભય પ્રબળ થવો જોઇએ આશા પ્રબળ થયાથી મન પ્રમત્ત દેખાય છે.

જેની જીભ સત્ય તથાહિતવાક્ય બોલેછે તેજ

ખરેખરો સત્ય બોલનારો છે.

સત્ય ઈશ્વરની તરવાર છે; આ તરવાર જેના ઉપર પડેછે તેને છિન્ન ન કરતાં ફરતી નથી?

પ્રેમ લોકોને વાત કહેવામાં પ્રવૃત્ત કરેછે; લજ્જા મુંગા કરેછે, ભય વ્યાકુળ કરી મુકે છે.

જે પ્રેમિક સંસાર તથા સંસારના લોકોના સંગથી છેટે રહેછે તથા સાધુઓનો સંગ કરેછે તેનો પ્રેમ ખરો પ્રેમ છે. ઇશ્વર પરાયણ સાધુઓના પ્રત્યે પ્રીતિ રાખવી અને ઇશ્વરના ઉપર પ્રીતિ સ્થાપવી એ સરખુ છે.

ઈશ્વરાનુગત માણસો જ્યારે પ્રેમરસમાં મગ્ન થાય છે ત્યારે એઓ જયોતિમય વાકયથી સ્વર્ગ લોકનું વર્ણન કરે છે; જ્યારે ભય રસથી ડુબે છે ત્યારે અગ્નિમય વાક્યથી નરકનું વર્ણન કરેછે.

સત્યતા તથા **સહનશીળતાના** યોગ શિવાય

પ્રેમ પૂર્ણતાને પામતો નથી.

ખરા પ્રેમનાં ત્રણ લક્ષણો છે, ૧ સ્તુતિ નિન્દા સરખી થવી. ૨ અનુષ્ઠાનનો કોઇ રીતે બદલો મેળવવાની ઈચ્છા ન રાખવી. ૩ પરલોક મેળવવાની ઇચ્છા ન રાખવી.

વિશ્વાસનાં ત્રણ લક્ષણો છે; ૧ સર્વ પદાર્થમાં ઇશ્વર પ્રતિ દૃષ્ટિ રાખવી. ૨ સર્વ કાર્યમાં ઇશ્વરના ઉપર ઉન્મુખ રહેવું ૩ સર્વ અવસ્થામાં ઇશ્વરની આગળ મદદની પ્રાર્થના કરવી.

જે માણસ થોડા વિષયમાં સંતોષ મેળવે છે, તે શાન્તિ મેળવે છે અને સર્વથી શ્રેષ્ઠ થાય છે.

જે માણસ ઈશ્વરનો ભય રાખે છે તેનુ મન ઇશ્વરનો ત્યાગ કરતુ નથી; ઇસ્વર પ્રેમ તેના અન્તરમાં મજબુત હોય છે અને બુદ્ધિ પૂર્ણતા મેળવે છે.

જે માણુસ ગૌરવની શોધમાં રહે છે તે ઘણો નુ-કશાનીમાં આવી જાય છે.

જે માણુસ ખરી રીતે ઇશ્વરને સંભારે છે, તે બીજા સઘળા પદાર્થે ભુલી જાય છે અને તેના સબં-ધમાં ઇશ્વર સઘળા પદાર્થનો સ્થલવર્તી થાયછે.

સંસાર શું છે? જે ઇશ્વરથી તમને છેટા રા-ખે છે તેજ સંસાર છે.

અધમ કોણુ છે ? જે માણુસ ઈશ્વરનો માર્ગ પકડતો નથી તે.

કોનો સંગ કરવો ? જેને "તમે" તથા "હું" નથી તેનો.

સુખી કોણુ છે? જે માણુસોએ સર્વથી અધિક ઇશ્વરને ગ્રહણુ કર્યો છે, અને ઇશ્વર જેઓને સર્વ લોકના કરતાં શ્રેષ્ઠ તરીકે કબુલ કરેછે તે.

જેનું અન્તર શુદ્ધ નથી, તેનાં કોઇ કાર્ય શુદ્ધ થતાં નથી.

પ્રાયશ્ચિત્તના ત્રણ ભાવ છે ૧ આત્મ ગ્લાનિ, ૨ પાપ નહિ કરવાનો યત્ન, ૩ આત્માને શુદ્ધ કરવો.

જેઓ ખરી રીતે ઇશ્વરનું સ્મરણ કરેછે, તેઓ ઇશ્વર સ્મરણમાં બીજા પદાર્થને વીસરી જાય છે.

ઇશ્વર સ્મરણ મનમાં સર્વ પદાર્થ સ્મૃતિ વિલુપ્ત થાય તેવાઓના સબધમાં સર્વ પદાર્થના સ્થલવર્તી ઇશ્વર થાય છે.

જે ઇશ્વરનો વધારે પ્રેમ કરે છે, તેને વધારે ક્લેશ તથા અપમાન મળેછે; લોકોના પ્રત્યે તેની દયા અને તેઓનું શિક્ષણ દાન વધારે થાય છે.

સર્વ અવસ્થામાં પ્રભુના દાસ થઇને રહેવું એ ખરી ગુલામગીરી છે.

લોભી મનુષ્ય સર્વ કરતાં અધમ છે; નિર્લોભી સાધુ સર્વ કરતાં ઉત્તમ છે.

જે વિચારમાં ઇશ્વરને જુએ છે, તે અન્તરમાં તેની પૂજા કરે છે:

કોઇને પણ દુઃખ આપતા ના.

દુનિયામાં પ્રેમ અને દયાથી રહો.

પાપી કદી પણ સૌન્દર્યવાન નથી.

ધર્મ એ માણસનો સુંદર અંલકાર છે.

અન્તરનો ઉપયોગ ન કરો પણ સુંગધદાર વિચારોનો ઉપયોગ કરો;

મનુષ્યે પોતાના પાપને માટે શરમને ખીલાવવી જોઇએ.

સદાચારને માન આપવું જોઇએ.

શત્રુઓને પોતાના પ્રેમથી જીતવા.

ક્રોધી મનુષ્યને પ્રેમથી જીતવો જોઇએ.

બધા ઉપર પ્રેમ તથા દયા કરો.

સર્વ અવસ્થામાં પ્રભુના દાસ થઇને રહેવું એ ખરૂ દાસપણું છે

સખાને મનન કરવામાં જે કંઇ હરકત પહોચાડે તે હરકતથી દૂર રહેવું એ પ્રેમનું લક્ષણછે.

જેઓના બંધનમાં કંઇ વસ્તુ નથી અને જેઓ કોઇ વસ્તુના બંધનમાં નથી તેઓજ પંડિત છે.

જે પોતાનું માન રાખવા ગયો છે તે ઇશ્વરની આગળ પહોંચી શકતો નથી; જે સન્માનથી દૂર થઇ-

ને સંસારથી પતિત થયો છે તે ઇશ્વરના માર્ગમાં પતિત થયો નથી.

ધર્મની ભૂખ મેઘના જેવી છે; તે ઇશ્વરનું કૃપાવારિ વરસાવે છે.

ઇશ્વર જ્ઞાનીનું હૃદય નિર્મળ કાચમાં રાખેલા દીવાની પેઠે છે, તેના પ્રકાશથી આખુ જગત પ્રકાશિત થાય છે; અંધકારમાં તેને ભય શેનો હોય ?

બે કામથી મનુષ્યનું મૃત્યુ છે, એક નર નારીની અવમાનતા કરવી; બીજું ઇશ્વરનું શરણુ કબુલ નહિ રાખવું.

જ્ઞાની કહેછે કે હું શું કરૂં ઋષિ કહે છે તે શું કરે છે ?

જે ઇશ્વરને જાણે છે તે ઇશ્વરના પ્રસંગ શિ-

વાય બીજા વિષયમાં જીભને લગાડતો નથી.

ઈશ્વર જેની જોડે મિત્રતા સ્થાપે છે તેને ત્રણ સ્વભાવ આપે છે; નદીની પેઠે કૃપાળુપણું, સૂર્યની પેઠે ઉદારપણું, પ્રિયની પેઠે વિનયીપણું.

વિદ્યામાં એવી વિદ્યા છે કે તે વિદ્વાન જાણતા નથી; વૈરાગ્યમાં એવું વૈરાગ્ય છે કે તે વૈરાગી જાણતા નથી.

જે ઇશ્વરના સહવાસમાં છે તેનાંજ સર્વ પદાર્થ તથા સર્વ સંપદ છે, કારણ કે તેનો પ્રભુ સર્વ વ્યાપી છે તથા સર્વ પદાર્થ ઇશ્વરના અધિકારી છે.

જે ઇશ્વરજ્ઞાની તરીકે પોતાને ઓળખાણ આપે છે તેજ મૂર્ખ છે; જે કહે છે કે હું તેને જાણતો નથી તેજ જ્ઞાની છે.

જો તમામ લોકો પોતાનું ઐશ્વર્ય તમને આપે તો તેથી હર્ષિત થશો ના; ને સર્વ ગરીબાઇ આવીને

તમારા માર્ગમાં પડે તો તેથી ખેદ કરતા ના; તમે ઇશ્વરનુ કામ કરો.

જે માણસ ઇન્દ્રિયાભિલાષાના પ્રાબલ્યથી પોતાના હૃદયને જખમી કરે છે તેને તેની ગ્લાનિના મરવાના વસ્ત્રમાં ઢાંકીને અપમાનની જમીનમાં દાટો; જે ઉપભોગ ન કરતાં ઇન્દ્રિયોને નિસ્તેજ કરે છે તેને સન્માનના વસ્ત્રમાં વીંટાળીને શાંતિની જમીનમાં દાટો.

સર્વે પ્રાણિઓને સૂખમાં રહેવાની ઇચ્છા છે; એટલા માટે બધાની તરફ તમારે દયાની નજરથી જોવું જોઇએ.

માણસે દરેક જીવ ઉપર દયાની આંખે જોવું તેટલા માટે માણસને પવિત્ર કહે છે.

તમારી જીભને તાબે રાખો.

પવિત્ર થાવ અને પવિત્રતાની સાથે જીવો.

વાકયમાં કામમાં અને હૃદયમાં પવિત્ર થાવ.

દાનના જેવો એકે પ્યારો મિત્ર નથી.

આપણાં કૃત્યો નાશ પામવાનાં નથી; તેઓ પાછા આવશે.

વિશ્વાસની દૃઢતા, સત્યના ઉપર પ્રબલ આસ્થા, કર્તવ્યના ઉપર અટલ પ્રેમ, આ સર્વ સદ્‌ગુણ સર્વત્ર પ્રયોજ્ય છે.

જો તમે બુદ્ધિમાન હો, તો કુટુંબમાં શું ખાવો છો, શું પહેરો છો, તેને માટે આતુર ન થાવ; કોણે શું માગ્યું, કોણે શું કાપ્યું, તેને માટે ચિન્તિત થાવ ના; નીતિના તથા ધર્મની ઉન્નતિના નિયમો કુટુંબનાં હાડકાં, તથા નસોમાં બેઠા છે કે નહિ તે જુઓ.

જો તમારી સ્ત્રી દશ હજાર રૂપીયાનાં ઘરેણાં પહેરે, પરન્તુ દુઃખીના દુઃખને માટે તેની આંખમાંથી એક ટીપુ પણ ન પડે, જો તમારાં પુત્ર કન્યા પદ્મ ફુલની પેઠે શણગરાઇને ફરે, પણ સ્વાર્થપરતા તથા અહંકારની મૂર્તિના જેવાં હોય, તો તે ધન મેળવીને તમે હર્ષ કરશો કે શોક કરશો તેનો વિચાર કરો. હું કહુંછું કે તમે શોક કરો.

તમે સ્ત્રીના ગળામાં સોનાનો હાર નાંખી ન શકો તો ફિકર નહિ; તેના પ્રાણમાં સત્સંકલ્પ શલગાવો; સોનાના કરતાં મનુષ્યત્વ શું વધારે ઇચ્છવા જેવું નથી?

સાધુતાદ્વારા અસાધુતાને પરાજય કરી શકયાથી કેટલો આનંદ છે? જે સાધુઓએ કદી આવો સંગ્રામ કર્યો છે તેજ જાણે છે કે પૃથ્વીનું રાજ્ય આપ્યાથી પણ એટલું સૂખ થતું નથી. આ દેવપણું દેખાડવાની ખરી જગા કુટુંબ છે. પોતાના કુટુમ્બમાં જેણે સાધુતાથી સર્વ પ્રકારની અસાધુતાને પ-

રાજિત કરી છે, તે વીર પુરૂષ જ્યારે જનમંડળમાં આવે છે ત્યારે તમે અમે તેનું મૂખ જોઈને પરાજય માનીએછીએ.

અટલ સાધુ ઇચ્છા ઐશ્વરિક ભાવ છે. કુટુમ્બમાં બીજાના વિરૂદ્ધ ભાવ જોવા છતાં જેઓની સાધુ ઇચ્છા અટલ રહે છે તેજ ઇશ્વરનો અંશ છે. અમારા પ્રણામ લેવાનો અધિકાર તેઓનો છે.

કુટુંબના સૂખના ચાર મોટા શત્રુ છે. ૧ સ્વાર્થપરતા, ૨ જુલમ, ૩ ક્રોધશીલતા અને ૪ વિશ્વાસઘાત.

સ્ત્રી ગૃહધર્મના મીઠા જેવી છે. એના અભાવથી ગૃહધર્મમાં સ્વાદ રહેતો નથી.

ધાર્મિક પતિએ પત્નીને ધર્મની આંખે જોવી અને દાંપત્ય સબંધનો સ્વર્ગીય વ્યાપાર તરીકે અનુભવ કરવો જોઇએ.

ધૈર્ય અને લજ્જાજ નારીની શ્રેષ્ઠતાનાં મોટાં લક્ષણો છે. લજ્જાવગરની તથા ધૈર્યવગરની સ્ત્રી પુરૂષના ધિક્કારને પાત્ર છે.

નારીના જીવનનું લક્ષ્ય શું છે? કોઈ કહેછે કે ..વાહથી પુરૂષનો આશ્રય કરવો એ તેના જીવનનું લક્ષ્ય છે. કોઇ કહે છે કે સંસારનું પાલન તથા કુલ સ્થિતિની સંભાળ રાખવી; કેટલાકો કહે છે કે પુરૂષમાં ઇશ્વરનો ન્યાયપણાનો ભાવ અને સ્ત્રીમાં તેની દયાનો ભાવ છે. આ દયાના ભાવથી અમર આત્મા સર્વ વિકાસને મદદ આપે છે; એ તેના જીવનનું લક્ષ્ય છે.

જે પશુ છે તે સ્ત્રીને કહેછે કે મારી ઇંદ્રિય સેવાને માટે તને મેળવી છે; જે મનુષ્ય છે તે કહે છેકે, મારા સૂખથી સૂખીઅનેદુ:ખથી દુ:ખી થવા માટે તને મેળવીછે. જે દેવતા છે તે કહેછે કે, તમને નિ:સ્વાર્થી પ્રીતિ આપીને તથા તમને સૂખી કરીને હું સ્વર્ગમાં જઇશ તેથી તમને મેળવી છે.

મીઠાં વચન, દૃઢ પ્રતિજ્ઞા, સર્વની ઉપર પિતા માતાની સાધુતા, બાળકોને શાસન તથા શિક્ષણના સર્વથી મોટા ઉપાયો છે.

બાળકોએ ગૃહમાં ત્રણ વસ્તુ સર્વદા જોવી જોઇએ ૧ સત્યના ઉપર નિષ્ઠા, ૨ જીવના ઉપર પ્રેમ ૩ ઇશ્વરના ઉપર ભક્તિ; આ ત્રણ હોવાથી તેઓ મનુષ્ય થશે.

જે માણસ પાસે આવ્યાથી હૃદયના સાધુ ભાવો જાગે અને અસાધુ ભાવ લજ્જા પામીને બુઝાય, તેનેજ પવિત્ર ચરિત્ર વાળો કહેછે. જે ચરિત્ર લજ્જા આપીને અસાધુને સાધુ કરેછે, તે ચરિત્રજ દેવાંશથી બનેલું છે.

સમાપ્ત.

